આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૪ • અંક : ૭

સળંગ અંક : ૧૦૦૮

નવેમ્બર - ૨૦૨૪



## સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને ફાયર સેફટી અંતર્ગત ટ્રેનીંગ તથા મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું.



















# ઘરશાળા

વર્ષ : ૮૪

સળંગ અંક : ૧૦૦૮ નવેમ્બર-૨૦૨૪

સ્થાપક તંત્રીઓ : હરભાઈ ત્રિવેદી, રઘુભાઈ નાયક

તંત્રીઓ : જ્યોતીન્દ્રભાઈ દવે, સજુભા ઝાલા

સહતંત્રી : અશોકભાઈ સોમપુરા

વ્યવસ્થા અને સંકલન : કે. ડી. પટેલ

પરામર્શ : અમિતાબહેન પાલખીવાલા



આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.


શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


-: ઘરશાળા કાર્યાલય સરનામું :-

સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮

ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩


## અનુક્રમ


| | |
|---|---|
| બાળકનું સ્વમાન | હરભાઈ ત્રિવેદી/૪ |
| સંપાદકીય - નૂતનવર્ષાભિનંદન | અશોક સોમપુરા/૫ |
| સરસ્વતી વિદ્યામંડળના સ્થાપના દિને ચિંતન | અશોક સોમપુરા /૬ |
| હરભાઈ : એક જાજરમાન વ્યક્તિત્વ | ડૉ. મોહનભાઈ પંચાલ/૮ |
| તાઈ અનાથ બચ્ચોં કી માઈ | હીરજીભાઈ નાકરાણી/૧૫ |
| રતિલાલ બોરીસાગર : વહાલથી વાવ્યું, અઢળક ઊગ્યું | ઈશ્વર પરમાર/૧૯ |
| દક્ષિણને છેડે | કાકાસાહેબ કાલેલકર/૨૫ |
| શિક્ષણના પાયાનો મુખ્ય ઉદ્દેશ | ડૉ. ગિરીશ આઈ. પટેલ/૩૨ |
| પથિક તારે વિસામાના દૂર દૂર આરા | જશીબેન નાયક/૩૩ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા/૪૧ |



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વૉટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઑફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)



# બાળકનું સ્વમાન

- મુ. શ્રી હરભાઈ ત્રિવેદી

બાલમહિમાનો સ્વીકાર કરનાર દરેક વ્યક્તિએ બાળક સંબંધેની થોડીએક ગણતરીઓ અગાઉથી કરી લેવાની જરૂર રહે છે. એવી ચોક્કસ ગણતરીવાળાં વડીલ જ બાળક સાથેના વ્યવહારમાં બાળકને ન્યાય આપી શકે છે.

પહેલી વાત છે બાળકની ઉંમરની. બાળકના જીવનમાં જે નાનામોટા ફેરફારો થયા કરતા હોય છે તે ફેરફારો શારીરિક દૃષ્ટિએ પણ ઘણા અગત્યના હોય છે. એવા ફેરફારો તરફ દુર્લક્ષ રાખવું પોસાય નહીં.

બાળક મોટું થતું જાય તેમ-તેમ તેના બુદ્ધિવિકાસનું ક્ષેત્ર પણ વિસ્તરતું જાય છે. બાળકની વિકસતી જતી બુદ્ધિને નજર સમક્ષ રાખ્યા વિના બાળક સાથે કામ કરીએ તો-તો બાળકને ભાર અન્યાય થઈ જાય.

બાળકનું ઊર્મિતંત્ર ઘણું મુલાયમ હોય છે. એવા ઊર્મિતંત્ર ઉપર વડીલના શબ્દોની, વડીલની ચેષ્ટાની અને વડીલના દૃષ્ટિબિંદુની ઘણી ઊંડી અસર થતી હોય છે. બાળકનું ઊર્મિતંત્ર દુભાય તો-તો એના સમગ્ર વિકાસમાં ઘણી મોટી ઊણપ રહી જાય.

બાળક વ્યક્તિકેન્દ્રી હોવા છતાં સામાજિક વલણો ધરાવતું માનવી છે. તેના વ્યક્તિત્વને કશી હાનિ પહોંચાડ્યા વિના એના સામાજિક વ્યવહારો માટેનું આયોજન કરવામાં આવે તે અત્યંત જરૂરી ગણાય.

બાળકને સ્વમાન ભારે વહાલું હોય છે. એનું સ્વમાન હણાય તો તેનું મન ઉશ્કેરાય અને તેની કોઈ પણ ક્રિયા સરખી રીતે ચાલી શકે નહીં. બાળકના સ્વમાનનું રક્ષણ એ પણ બાળકનો મહિમા સમજનાર માટે એક આવશ્યક શરત ગણાવી જોઈએ.

# સંપાદકીય

- અશોક સોમપુરા

## નૂતનવર્ષાભિનંદન

વિક્રમ સંવત ૨૦૮૧ના નૂતન વર્ષના આગમન ટાણે અમે અમારા સૌ વાંચકો અને શુભેચ્છકોને હૃદયપૂર્વક યાદ કરી હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ. આપણે સૌ એ સારી રીતે જાણીએ છીએ કે દરેકમાં ખામીઓ અને ખૂબીઓ હોય છે. આવનાર સમયમાં આવી ખામીઓ દૂર કરવામાં આપણે સજાગ રહીએ અને આપણી ખૂબીઓ ઉત્તરોત્તર વિકસતી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહીએ.

વર્તમાનનો યુગ એ પરિવર્તનનો યુગ છે. આ આવનાર પરિવર્તનની સારી બાબતો અને ગુણવત્તાને આપણે સ્વીકારીએ. ગઈકાલને ભૂલીને આપણી 'આજ'-ને ઉજ્જવળ બનાવીએ. આપણે સંસ્કારપ્રિય છીએ. દરેક ઉત્સવ, પ્રસંગ કે તહેવારનું આપણામાં અદકેરું મહત્ત્વ છે. કારણ કે આ તહેવારો આપણને આનંદ અને ઉત્સાહ આપે છે.

આવા ઉત્સાહનો સાથ લઈ દીપકની જ્યોત આપણને પ્રકાશ આપે છે. એ જ પ્રકાશ આપણે પરસ્પરના જીવનમાં પણ રેલાવીએ. આ પ્રકાશ આપણા જ્ઞાનનો માર્ગ બની રહે અને તે દ્વારા સમાજમાં પ્રવર્તમાન જે કાંઈ ખોટી બદીઓ છે તે બદીના અંધકારને દૂર કરવા કૃતનિશ્ચયી થઈએ. આપણો દરેક દિવસ ઊર્જાવાન બને અને સકારાત્મક દૃષ્ટિકોણ આપણા જીવનમાં સદાય વ્યાપેલો રહે એ જ ઈચ્છવાજોગ. નૂતન વર્ષ એટલે નવી આશાઓ જન્માવતું વર્ષ. આવું, નવુ વર્ષ આપણા અહંકારમાં ઘટાડો કરે અને પરસ્પર સદ્ભાવનો વધારો કરે એવી પ્રભુને પ્રાર્થના.

આપણાં સૌના શુભ સંકલ્પો, મનોરથો સિદ્ધ થાવ એવી આ મંગલદિને પ્રભુને પ્રાર્થના.

ઈશ્વર ખુશામતખોર હોઈ શકે નહિ. ઈશ્વરનું નામ ઓછું લેનાર માણસ પણ જો હંમેશાં સત્યને આચરતો હશે તો તે ઈશ્વરની વધારે નજીક રહેશે. ઈશ્વરનું ઉદ્બોધન કરી, માળા જપી તેને રીઝવી શકાય એમ માનનાર માણસ જો લાંચ-રૂશ્વત આપી પોતાનું કામ કઢાવી લે, તો તે ધાર્મિકતા કેવી? ઈશ્વર જો આપણો સર્જનહાર હોય અને આપણે તેના સંતાનો હોઈએ, તો તે આપણી પાસે કોઈ ખુશામત કે ભેટ સોગાદની આશા નહિ રાખે.

- રઘુભાઈ નાયક

# સરસ્વતી વિદ્યામંડળના સ્થાપના દિને ચિંતન

- અશોકભાઈ સોમપુરા

સમાજના અને અંતે રાષ્ટ્રના સર્વાંગીણ વિકાસ માટે જુદા જુદા ઘટકો કામ કરતા હોય છે. જેમાં સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, રાષ્ટ્રના વિકાસના હેતુને ધ્યાને લઈ કામ કરતા ટ્રસ્ટો અને સરકારના સહયોગનો આપણે સમાવેશ કરી શકીએ. આવા ઉમદા હેતુને ધ્યાનમાં રાખી કામ કરતી વિવિધ સંસ્થાઓમાં સરસ્વતી વિદ્યામંડળ સંસ્થા અગ્રેસર છે.

સરસ્વતી વિદ્યામંડળના આદ્યસ્થાપક ડૉ. રઘુભાઈ નાયકના મનમાં આઝાદ ભારતનું શિક્ષણ કેવું હોવું જોઈએ તેની સંકલ્પના સ્પષ્ટ હતી. તેઓ એમ માનતા કે સ્વતંત્રતા મળ્યા પછી ભારતને ઉત્તમ નાગરિકોની આવશ્યક્તા રહેશે. આથી ''કેળવણી દ્વારા રાષ્ટ્ર ઘડતર થાય, ભવિષ્યનો નાગિરક ભારે કોઠાસૂઝ ધરાવતો હોય, તેનામાં અનેક કૌશલ્યો હોય અને પોતાની મહેનત દ્વારા કુટુંબ અને રાષ્ટ્ર પ્રત્યેની પોતાની જવાબદારી આગવી રીતે નિભાવી શકે તેવા નાગરિકો શિક્ષણ દ્વારા તૈયાર થાય એ જરૂરી છે.'' એમ તેઓ માનતા.

સારા રાષ્ટ્રના નિર્માણ માટે ઘણી સંસ્થાઓએ ખૂબ સારું કામ કર્યું છે. છતાંય ધાર્યું પરિણામ આવ્યું નથી શિક્ષણમાં નિરાશા વ્યાપી છે. શિક્ષણના દરેક અંગોમાં, ઘટકોમાં તાલમેલ કે સમતોલપણું નથી. શાળા-મહાશાળામાં અપાતા શિક્ષણનો બહારની દુનિયા સાથે મેળ દેખાતો નથી. યુવાન દેશનો નાગરિક તો બની જાય છે પરંતુ પોતાની કારકિર્દી માટે તેને પૂરતો સંતોષ હોતો નથી. આથી તેનામાં અંજપો ભારોભાર દેખાય છે.

શિક્ષણમાં ગંભીરતા તો આવી. વર્ગખંડના કાર્યોમાં ગુણવત્તા આવી. પંરતુ કેળવણીનું પ્રમાણ બહુ ઓછું આવ્યું. સારા શિક્ષણથી ડૉક્ટરો, એન્જિનિયરો અને વકીલો આપણે પેદા કરી શક્યા. પણ સારા નાગરિક ઘડવામાં નિષ્ફળ રહ્યા. આજના નાગરિકમાં શ્રમનું મહત્ત્વ નથી. કાયદા પાલન માટેની સજાગતા નથી. ભ્રષ્ટાચારથી દૂર રહેવાની ભાવના નથી. સામાજિક કુરિવાજોનો વિરોધ કરવાની તે હિંમત કરી શકતો નથી. આ આપણી સૌથી મોટી કમનસીબી છે. આપણે એ જરૂર સ્વીકારવું રહ્યું કે કોઈપણ બાળક, વિદ્યાર્થી કે નાગરિકનો વિકાસ બંધિયાર વાતાવરણમાં, સંકુચિત ઢાંચામાં કે માત્ર સમયપત્રક મુજબ જ કામ કરવામાં કે પછી માહિતીનો માત્ર ઢગલો કરી દેતા અભ્યાસક્રમથી થઈ શકે નહિ. એ બાબત ઈચ્છવાજોગ છે કે વિદ્યાર્થીના જીવનમાં તે તમામ પાસાઓમાં સર્વાંગીણ વિકાસ સાધી શકે અને દરેક કાર્યમાં પોતાના આત્મબળ અને વિશ્વાસથી તેમાં પાર ઉતરી શકે તેવી તાલીમ શિક્ષણ સંસ્થાએ આપવી અનિવાર્ય છે.

પરિવર્તનની આ દુનિયામાં મૂલ્ય સિવાય કશું જ શાશ્વત નથી. મૂલ્યોના અર્થમાં

જમાનાની માંગ પ્રમાણે બદલાવ આવે એવું બની શકે. સતત ફેરફારોમાંથી પસાર થતાં આ જગતમાં નવું-જૂનું-સ્થળ-ઘટના બધું જ સાપેક્ષ હોઈ શકે. આજની પેઢી આવતીકાલે જૂની થવાની છે એ બાબત સર્વ સ્વીકૃત છે.

ડહાપણભરી વાતો કે સારા શબ્દોથી સજ્જ થયેલા આદર્શો જ સમાજના ઉત્કર્ષ માટે પૂરતો ફાળો આપી શકે નહિ. એની બીજી બાજુનો વિચાર કરીએ તો વ્યક્તિને ઉપયોગમાં આવે તેવી જવાબદારીવાળી સ્વતંત્રતા આપવી જરૂરી છે. સાથે સાથે તેના જીવાતા જીવન અને તેની સાચુકલી ઘટમાળ સાથે કેળવણીના સહારે મૂલ્યો અને જરૂરી આદર્શોને સાંકળવા પડશે. પરંતુ આઝાદીના આટલા વર્ષો પછી પણ પૂરતા પ્રમાણમાં આ કામ થઈ શક્યું નથી. આ અંગે સરસ્વતી વિદ્યામંડળની વાત કરીએ તો આ સંસ્થાને ૮૦ વર્ષ થયા છે. શિક્ષણના બધા જ અંગો જેવા કે વિદ્યાર્થી, વાલી, સરકાર, શૈક્ષણિક તેમજ પૂરક પ્રવૃત્તિઓની મદદ વિદ્યાર્થી સાથેના કામમાં લીધી છે. સરસ્વતી વિદ્યામંડળ સંસ્થાએ શ્રમના મૂલ્યો માટે અમિયાપુર ગામની પ્રવૃત્તિ, વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નૃત્ય-નાટકો, વક્તૃત્વ કલા, સંગીત કલા માટે ભક્તિ સંગીત, બિરાદરી, લોકશાહી રાષ્ટ્ર માટે ચૂંટણી પ્રવૃત્તિનું જ્ઞાન, વિદ્યાર્થી સંઘ, રમત-ગમત જેવી અનેક પ્રવૃત્તિને મહત્ત્વ આપી રાષ્ટ્ર ઘડતર માટે અમૂલ્ય પ્રદાન આપ્યું છે.

સાથે સાથે સરસ્વતી વિદ્યામંડળ સંસ્થાની એ પણ સંકલ્પના છે કે શાળાના વિદ્યાર્થીઓ જ શાળાનું સંચાલન કરે. એ માટે 'સરસ્વતી નાગરિક સમાજ'- ની પ્રવૃત્તિ ચાલે છે. મહિનામાં એકવાર સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં અભ્યાસ કરી ગયેલાં વિદ્યાર્થીઓ ભેગા મળી શાળા વિકાસના વિવિધ મુદ્દા અંગે વિગતે ચર્ચા કરે છે. આજે સરસ્વતી વિદ્યામંડળનું સંચાલન તેના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા જ થાય છે. સરસ્વતી વિદ્યામંડળ માટે આ ગૌરવની વાત છે.

**સરસ્વતી વિદ્યામંડળ સંસ્થા એટલે અમદાવાદના પૂર્વ વિસ્તારની જ્ઞાનગંગોત્રી**

વાત ૧૯૪૪ની. અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તાર સરસપુરમાં એકમાત્ર માધ્યમિક શાળા. અહીં ૧૦૦ વિદ્યાર્થીઓ ભણવા આવે. આવી શાળાનું સંચાલન કરવાના અને તેને શહેરની નહીં, બલકે રાજ્યની નમૂનેદાર શિક્ષણ સંસ્થા બનાવવી તેવા અડગ નિર્ધાર સાથે શ્રી રઘુભાઈ નાયક અને શ્રીમતી જશીબેન નાયકે ''સરસ્વતી હાઈસ્કૂલનું'' સુકાન સંભાળ્યું. અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ સામે ઝઝૂમીને આ સંસ્થા ''શેઠ અ.હ. સરસ્વતી ઉ.મા. શાળા'' બની. એટલું જ નહીં પણ સરસ્વતી વિદ્યામંડળે પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચત્તર માધ્યમિક સુધીની છ શિક્ષણ સંસ્થાઓ ઊભી કરી. આ શાળાઓમાં આજે લગભગ ચાર હજાર વિદ્યાર્થીઓના ચારિત્ર્ય અને સંસ્કાર ઘડતરનું કાર્ય થાય છે.

આજે પણ વૈશ્વિકસ્તરના જ્ઞાનનો આવિષ્કાર કરવો, આધુનિક ટેકનોલૉજી અને વૈજ્ઞાનિક અભિગમને સ્વીકારવા, નૈતિક મૂલ્યોના સંસ્કરણ પર ભાર મૂકી આજનો યુવાન વિકાસની ગતિએ આગળ વધે એવા કાર્યમાં આ સંસ્થા સક્રિય છે. અમને તેનો સંતોષ છે અને આવનાર ૧૦૦ વર્ષ સુધી આ કાર્ય સતત ચાલુ રહે એવી અમારી આશા છે.

# હરભાઈ : એક જાજરમાન વ્યક્તિત્વ

- ડૉ. મોહનભાઈ પંચાલ

૧૪, નવેમ્બર મુ.શ્રી. હરભાઈનો જન્મ દિવસ છે અને યોગાનુયોગ બાળદિન છે. હરભાઈ તો બાળસખા હતા. પ્રસ્તુત લેખમાં હરભાઈના વ્યક્તિત્વનો પરિચય વાચકોને જરૂર ગમશે.

**- તંત્રીઓ**

હરભાઈનું બાહ્ય વ્યક્તિત્વ કેટલું પ્રભાવશાળી અને દૃઢ હતું! તેમને જોતાં જ સૌ કોઈને થોડી મિનિટો દિગ્મૂઢતાની અનુભૂતિ થઈ જાય. ખાસ્સી છ ફૂટ જેટલી ઊંચાઈ, સ્નાયુબદ્ધ, સુગઠિત શરીરસૌષ્ઠવ અને તેજસ્વી આંખોથી શોભતી મુખમુદ્રા! મુખ ઉપર સદાય ગાંભીર્યની રેખાઓ દોરાયેલી રહેતી, છતાં તે પાછળ પળેપળે પલ્લવિત થતી પ્રસન્નતા અને સરલ સરતું સ્મિત! કદીક ખડખડાટ હાસ્યમાં ડૂબી જાય ત્યારે પેલી ગંભીર મુખમુદ્રા ક્યાં ઢંકાઈ જતી હશે તે ન સમજાય.

તેમની આકૃતિ જ એવી કે, તેમાં તેમના અનેક ગુણો છૂપાયેલા પડ્યા હતા.

आकृति गुणान कथयति

સદા શ્વેત ખાદીનાં વસ્ત્રપરિધાનમાં સજ્જ હરભાઈનો દેહ પડછંદ ભાસતો, તો શ્વેત ગાંધીટોપીથી આચ્છાદિત મુખારવિંદ શ્યામ સમુદ્રનાં ગહન નીર પર ઉછળતા મોજાં જેવું દેખાતું. ધવલ ધોતિયું, કફની અને ટોપી. પગમાં દેશી બનાવટની ચંપલ, કાંડે સાદું ઘડિયાળ અને ખિસ્સામાં જાડી ને મોટી ફાઉન્ટન પેન! જેવી અને જેટલી પોષાકની સ્વચ્છતા, સુઘડતા અને શ્વેતતા તેવી અને તેટલી જ વિચાર, વાણી અને વર્તનની નિખાલસતા અને ખુલ્લાપણું. મુખ પરની ખુમારીનું દર્શન કરનારને તેમના દિલની દિલાવરી અને હૃદયની બેહદ હળવાશની અનુભૂતિ થયા વિના ન રહે.

જેટલું તેમનું હાસ્ય આકર્ષક તેટલી જ તેમની વાણી પણ આકર્ષક, શ્રવણમનોહર અને વેધક! તેઓ ઊભા હોય કે બેઠા હોય, ચાલતા હોય કે સંભાષણ આપતા હોય, કોઈ પણ સ્થિતિમાં સ્થિર, ટટાર અને ચપળ રહેતા, એટલું જ નહિ અન્યને સદા, પ્રતિપળ તેવા રાખી શકતા! સર્વવાતે અને કામે તેમની ચોકસાઈ, ચાપલ્ય અને ચિંતા સ્પષ્ટ દેખાઈ આવે. તેમની સાદગીમાં સૌંદર્ય હતું તો, ગંભીરતામાં ગરિમા હતી. ધૈર્ય અને ધીરજ, વાણી અને વર્તન, સાહસ અને સરળતા, શાંતિ અને સમતા, ક્ષમતા અને ક્ષમા જેવાં અનેક ગુણયુગ્મો તેમના વ્યક્તિત્વમાં તરી આવતાં પાસાં હતાં.

બસ, હરભાઈ એટલે હરભાઈ! બીજા કોની સાથે એમને સરખાવીએ?

એમની વાતચીત કરવાની રીત, સુટેવો, બીજા સાથેનો સરળ અને સહજ વ્યવહાર, બધામાં સંસ્કારિતા (culture)નાં દર્શન થાય. તેઓની એક બહુ સ્પષ્ટ માન્યતા હતી :

''શિક્ષકે બાળકને ભણાવતાં પહેલાં તેને કેટલાક સંસ્કાર આપવાના હોય છે. શુષ્ક અને કઢંગી ભાષા બોલતો, અસ્વચ્છ શરીર, જીંથરા જેવા વાળ, હાસ્યાસ્પદ પોષાક, મોંમાં પાનસોપારી કે તમાકુચૂનો ચાવ્યા કરતો, ગમે ત્યાં થૂંકતો, ગમે ત્યાં કચરો ફેંકતો, શૂટબૂટનો દેખાવ કરનારો, વિદ્યાર્થીઓને ધિક્કારતો શિક્ષક તેના શિક્ષક તેના વિદ્યાર્થીઓ અને સહકાર્યકરો પર કેવી છાપ પાડે?''

હરભાઈ શિક્ષક તરીકે એક આદર્શ, સુઘડ અને સ્વચ્છ માનવ હતા. ન મળે કોઈ કુટેવ કે ન કશો ઠાઠમાઠ! પોતાના તસુમાત્ર અનુચિત વર્તનથી સેંકડો કુમળાં બાળકોના મન પર કેવી છાપ પડશે, તેની તે સદા ચિંતા કરનારા હતા. આદર્શ શિક્ષકનાં બધાં જ લક્ષણો અને ગુણો હરભાઈ ધરાવતા હતા. જાણે તેઓ જન્મથી જ શિક્ષક હતા! શિક્ષક થવા જ જન્મ્યા હતા! તેમના વ્યક્તિત્વમાં પંચભૂતાત્મક શક્તિ હતી.

**તનમનનું સ્વાસ્થ્ય**

બહુ જ ઓછા મહાન માણસો તનમનથી તંદુરસ્ત હોય છે. પણ ઈશ્વરે હરભાઈને ખોબેખોબે તનમનનું સ્વાસ્થ્ય બક્ષ્યું હતું. બાલ્યાવસ્થાથી માંડી મૃત્યુઘડી સુધી હરભાઈ એક સ્વસ્થ્ય અને થનગનાટવાળા માણસ તરીકે જીવ્યા હતા. તેમને વારસામાં જ શરીરની ઊંચાઈ અને પ્રાબલ્ય મળ્યાં હતાં. વળી, તેમણે પોતે પણ સખત પરિશ્રમ, કસરત, વ્યાયામ અને સાદા છતાં સાત્વિક આહારની ટેવો કેળવીને પોતાનું તનમનનું સ્વાસ્થ્ય દિનપ્રતિદિન વિકસાવ્યું હતું. તેઓ કદી માંદા પડ્યા હોય એવું સાંભળ્યું કે જાણ્યું નથી. તેમના ઊંચા કદાવર અને સશક્ત શરીરસૌષ્ઠવની સૌના ઉપર ભારે અને ઊંડી અસર થતી. ખાસ કરીને તેમના અનેક વિદ્યાર્થીઓના જીવનઘડતર ઉપર તેમની શરીરશક્તિ અને મનોબળની ઊંડી અસર પડેલી દેખાય છે.

'મજબૂત શરીર, મજબૂત મન' સૂત્ર તેમના જીવનમાં બરોબર સાકાર થયું હતું. જેટલા તનથી મજબૂત હતા, તેટલા જ નહિ, તેથી વિશેષ તેઓ અચળ અને નિર્ભિક મનોશક્તિ ધરાવતા હતા. ક્યારે પણ, કોઈનાથી કોઈ વાતે તે ડરતા નહિ, પછી ભલેને સામે મોટો ચરમબંધી હોય! તેમના મનની એક વિશિષ્ટતા હતી. કદી પણ તે નિરાશ થતા નહિ, કે ગુસ્સે પણ થતા નહિ! સદા સર્વદા હસતા મુખે સૌની સાથે વર્તનવ્યવહાર કર્યે જાય. ગમે તેવી જટિલ સમસ્યામાં ડૂબ્યા હોય ત્યારે પણ તે સ્વાભાવિક રીતે જ વર્તતા. અંધકારમાં પણ દૂરદૂર એકાદ પ્રકાશનું કિરણ જોવાનું ચૂકતા નહિ! સ્વભાવે ખૂબ જ સરળ અને પારદર્શક! તેમના મનમાં પ્રગટેલ કોઈ પણ વિચાર વ્યક્ત કરતાં તે ખચકાતા નહિ. અને વ્યક્ત કરવાની સૂઝ અને સમજ પણ કેટલી મધુર! કોઈને ખૂંચે જ નહિ. કોઈકે હરભાઈની સંવાદી રીતરસમ વિશે કહેલું, ''હરભાઈની અણગમો પ્રકટ કરવાની શૈલી પણ વિશિષ્ટ અને મધુર હતી!''

માનવસહજ નબળાઈઓથી તે અલિપ્ત હતા. સહજવૃત્તિઓ અને ગ્રંથિઓના વમળમાં ફસાવાનો તેમને ક્યારેય અનુભવ થયો નહતો. તેઓ તો કહેતા હતા, ''ગ્રંથિઓની ગુલામી મોટામોટા સરમુખત્યારોની ગુલામી કરતાં પણ વિશેષ ગંભીર અને કરુણ હોય છે. તેથી ગ્રંથિઓની ગુલામી ફગાવી દો. પછી તમે આપોઆપ ગુલામ મટી જશો!'' કોઈ પણ

ગુરુગ્રંથિ કે લઘુગ્રંથિ (superiority inferiority complex) ક્યારેય તેમને પળવાર પણ પીડી શકી નથી.

એક મોટી સંસ્થાના વડા તરીકે તેમના હાથનીચે કામ કરનારા ભિન્નભિન્ન પ્રકૃતિ અને શક્તિ-અશક્તિ ધરાવતી અનેક વ્યક્તિઓ સાથે કેટકેટલાં વર્ષ કામ કર્યું હોવા છતાં તેમણે ક્યાંય અને ક્યારેય મોટાપણાનો કે હીનતાનો ભાવ પ્રગટ થવા દીધો નથી! અને છતાં તંત્ર અને વ્યવસ્થામાં કોઈ શિથિલતાને પ્રવેશવા પણ દીધી નથી. કસૂરવાન વ્યક્તિને સખતમાં સખત ઠપકો આપતી વેળાએ કે તેની બરતરફીનો આદેશ આપતાં હરભાઈએ ગુરુતાગ્રંથિનો નથી આશરો લીધો કે નથી કોઈને તેનો અણસાર સરખોય આવવા દીધો. આ હતી તેમના મનની સમતા, સમતુલા અને સંવાદિતા. તેવી જ રીતે જિંદગીના માઠામાં માઠા પ્રસંગે કે પળોમાં તે હિંમત હારી ગયા નહોતા કે, નથી તેમની આંખમાં અશ્રુબિંદુ પ્રગટ્યાં. નથી વાણી થડકાઈ ગઈ કે શરીરે ધ્રુજારી અનુભવી! આ હતી તેમની હિંમત અને હળવાશ!

આશા, શ્રદ્ધા અને કરુણાનાં નિર્મળ ઝરણાં તેમના હૃદયમાંથી નિરંતર વહ્યા કરતા હતાં. તેમના મનની મક્કમતા અને દિલની પ્રવાહિતા માપવા માટે 'વજ્રાત અપિ કઠોરાણી, મૃદુની કુસુમાત અપિ' કહી શકાય! પ્રત્યેક નાનીમોટી વ્યક્તિ પ્રત્યે તેમને અનોખ આદર અને અપ્રતિમ લાગણી હતાં. બાળકથી માંડી વૃદ્ધ અને વિદ્યાર્થીથી માંડી વિદ્યાધિકારી સુધીના તમામ માણસો સાથેના તેમના સંબંધ જીવંત અને જોશીલાં હતા. માનવસંબંધોને જાળવવા અને દિનપ્રતિદિનના વ્યવહારમાં કેન્દ્રસ્થાને મૂકવામાં તેઓ પ્રતિપળ જાગૃતિ દાખવતા. આજે પણ જ્યારે માનવસંબંધો (Human Relations) ની ઉચ્ચકક્ષાની શાસ્ત્રીય ચર્ચાઓ થયા પછી બહુ ઓછા પ્રમાણમાં અમલ થઈ રહ્યો છે, ત્યારે તે સમયમાં હરભાઈ તેનો સાક્ષાત પ્રયોગ અને વિનિયોગ કરતા હતા, અને છતાં 'માનવસંબંધો' વિશે કશી જ વ્યાખ્યા કે વર્ણન કરતા નહિ! આધુનિક વ્યવસ્થાપન પદ્ધતિઓમાં જેના ઉપર અધિક ભાર મૂકવામાં આવે છે તે છ પ્રકારનાં સૂત્રો : (૧) પ્રશંસા કે કદર - Praise (૨) શ્રવણ - Listening (૩) પ્રત્યાયન - Communication (૪) સુસજ્જતા - well-prepared (૫) ઉત્સાહ - Enthusism અને (૬) પરિવર્તન - change, હરભાઈએ તેમની સંસ્થાઓના સંચાલનમાં અમલમાં મૂકેલાં. આ તેમના માનવસંબંધોનું યથાર્થ પ્રમાણ કહી શકાય.

હરભાઈ પ્રત્યેક વ્યક્તિ સાથે આત્મીયતા (rapport) સ્થાપી શકતા હતા. પરિણામે વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ સૌના ઉપર તેમનો હકારાત્મક પ્રભાવ દેખાતો. બધાં એમ જ માને કે ''હરભાઈ અમારા છે.'' પ્રત્યેક ઉંમરની વ્યક્તિ સાથે હરભાઈ પ્રેમ અને હળવાશથી ભળી શકતા, હસી શકતા, ટીખળ કરી શકતા, ગુપ્ત વાતો પણ કરી શકતા. યુવાનો સાથે યુવાન બની જતા, વૃદ્ધો સાથે વૃદ્ધ અને બાળકો સાથે બાળક બનવાનું તેમને આવડતું હતું, અને ત્યારે 'હરભાઈ' આચાર્ય છે તે ભૂલી જ જતા! સહુને તેમની નિકટ જવાનું ગમે, તેમની હાજરી માણવાનું માફક આવે. કોઈના પિતા, કોઈના બંધુ, કોઈના મિત્ર, કોઈના વડીલ તો કોઈના ચાહક બનીને તેમણે તેમની માનસિક સ્વસ્થતા પ્રગટાવી હતી.

હરભાઈના વિચારો, વચનો અને વર્તનમાં હંમેશાં હકારાત્મક દૃષ્ટિકોણ (Positive viewangle)નાં દર્શન થતાં. નિરાશા, હતાશા, અશ્રદ્ધા, ભય, ભ્રમ, સંશય કે શક જેવાં નકારાત્મક વલણો (Negative attitudes)થી તેઓ મુક્ત રહેતા અને બીજાંને મુક્ત રાખવાની જાગૃતિ દાખવતા. ધાર્મિક ન હોવા છતાં જગન્નિયંતાની દિવ્ય ચેતનાનો સ્વીકાર કરનારા હરભાઈને પ્રાર્થના અને ધ્યાન (Meditation)ની અપાર શક્તિમાં અતૂટ શ્રદ્ધા હતી. મનની પ્રસન્નતા, નિજાનંદ, પ્રેમ અને સૌંદર્યદૃષ્ટિ (Aesthetic sense) તેમના વ્યક્તિત્વનાં અવિભાજ્ય પાસાં હતાં. હરભાઈ મનની અગાધ અને અદ્‌ભૂત શક્તિના ભારે પુરસ્કર્તા અને હિમાયતી હોવાથી પોતાનું અને બીજાં સૌ કોઈનું મન સદાસર્વદા પ્રસન્ન અને જીવંત રહે તેની કાળજી રાખતા.

તેઓ તો કહેતા હતા : ‘‘આ સમગ્ર વિશ્વમાં માનવ એક શ્રેષ્ઠ જીવ છે, તો તે માણસનું સમગ્ર વ્યક્તિત્વ તેનું મન છે. મન તેનું જીવનદર્પણ છે, જે હજારો ભીતરનાં પ્રતિબિંબો રજૂ કરે છે. અને તેટલાં જ બાહ્ય પ્રતિબિંબોની સંવેદના ઝીલે છે. સૃષ્ટિ કે સંસારમાં માનવીનું મન સર્વોપરી છે. મન એ જ દેવતા અને મન એ જ આત્મા! મનથી વિશેષ કશું જ હોઈ શકે નહિ!’’

હરભાઈ તેમની નમૂનેદાર માનસિક તંદુરસ્તીને કારણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને પોતાનાં - પરિવારનાં બનાવી શક્યા હતા. અને તેમ કરવામાં તેમનું માનસશાસ્ત્રનું જ્ઞાન કારણભૂત હતું.

**ગૃહજીવનની ગરિમા**

હરભાઈના દામ્પત્યજીવનની પ્રસન્નતા અને સંવાદિતા તેમના સમગ્ર ગૃહજીવન અને કુટુંબજીવનમાં પ્રસરી હતી. સંસારીજીવનના કોઈ ગૂંચવાડા કે ગ્રંથિઓ તેમણે નથી કદી જોયા કે અનુભવ્યા. તેઓ સદા ગ્રંથિઓ અને તાણ-તનાવથી મુક્ત રહેતા. તેમનાં ધર્મપત્ની શ્રીમતી સંતોકબેન પણ તે માટે ઓછાં કારણભૂત કે જવાબદાર ન હતાં. હરભાઈનાં મિત્રો જેમને ‘સંતુષ્ટા’ કહેતા હતા, તે સંતોકબેન સ્વભાવે સરળ અને નિખાલસ હતાં. સાદગી, સત્ય અને નીતિપરાણયતા તથા પ્રસન્નતા તેમના વ્યક્તિત્વનાં તેજસ્વી પાસાં હતાં. જીવનમાં હળવાશ અને હાસ્ય જાળવવાના તેમના ગુણે હરભાઈને મોટા માનવ અને સફળ શિક્ષણશાસ્ત્રી બનાવવામાં મોટો ભાગ ભજવ્યો હતો. ભણતર ઓછું - નહિવત્ છતાં હરભાઈના વિચારો અને વર્તનવ્યવહારને સમજી શકતાં હતાં. પતિને પરમેશ્વર માનવાની સંસ્કારિતા અને ખાનદાની તેમણે જાળવી રાખી હતી. ‘બાળકો તો પ્રભુનાં પયગંબરો છે’, એ સત્ય જેટલું હરભાઈએ સ્વીકાર્યું હતું, તેટલું જ સંતોકબેને પચાવ્યું હતું. પોતાનાં બાળકોના સંતુલિત ઉછેર અને વિકાસમાં તેમનું વાત્સલ્ય પ્રગટતું હતું. અન્ય બાળકો અને વિદ્યાર્થીઓને પોતાનાં સમજીને તેમને ખવડાવવા-પીવડાવવાની કાળજી રાખતાં. પોતાના નાનાસરખાં ઘરમાં પણ કેટલાંય બાળકોને કલાકો સુધી રાખતાં, રમાડતાં અને તેમની નાની-મોટી જરૂરિયાતો પૂરી પાડતાં. પ્રાચીન આશ્રમનાં ગુરુપત્નીના સ્થાનનું સ્મરણ કરાવે તેવું તેમનું વ્યક્તિત્વ હતું.

પોતાના ઘરમાં શાળા હોય તેવી તેમની ભાવના હતી. હરભાઈ તેમની શાળામાં બાળકોના વિકાસની ચિંતા કરે, તો ઘરમાં સંતોકબેન બાળકોની માતા બની તેમના તનમનને પોષે! આ કારણે જ હરભાઈ બાળકો સાથે ચોવીસ કલાકના ઘનિષ્ટ સંબંધો સ્થાપી શકેલા.

પરિવારનાં નાનાંમોટાં સૌ સભ્યો વચ્ચે પારસ્પરિક પ્રેમ અને લાગણીના સંબંધો વિકસાવવામાં હરભાઈ-સંતોકબેનના દામ્પત્યજીવનનું માધુર્ય કારણભૂત બન્યું હતું. શિક્ષણ, શક્તિ અને સ્વરૂપ જેવી કેટલીય બાબતોમાં એ બંને વચ્ચે નોંધપાત્ર તફાવતો હતા. છતાં પરસ્પરને હૃદયની ઊંડાણથી ઓળખવામાં, સ્વીકારવામાં અને વિશેષ માનવામાં તેમણે કદી કચાશ નહોતી રાખી.

તેમનું ગૃહજીવનમાં પ્રાતઃકાળથી માંડીને શયનકાળ સુધીની પ્રત્યેક પ્રવૃત્તિમાં સ્નેહ, શાંતિ અને સંવાદિતાના સૂરો રેલાતા હોય. સવારની સમૂહ પ્રાર્થના હોય કે સાંજનું સમૂહભોજન હોય, બાળકો, માતાપિતા અને અન્ય સાથે શિસ્તબદ્ધ રીતે, સ્વચ્છ અને સુઘડ રીતે ભેગાં મળીને હસતાં-રમતાં કિલકિલાટ કરતાં સહભાગી થતાં હોય. હરભાઈ કુટુંબના વડા છે, તે ભૂલી જઈને હળવાશથી સૌના બની જતાં. કોઈને વહાલથી ટપલી મારતા, કોઈને ચૂમી ભરતા તો કોઈને ઊંચકી પણ લેતા. સંતોકબેન પણ તેમની સર્વ ચેષ્ટાઓને સંમતિ આપતાં અને સહભાગી બનતાં.

હરભાઈની હરેક સિદ્ધિમાં તેમના ગૃહજીવનની સમતુલા, સંવાદિતા અને સિદ્ધિનો ફાળો સદા નોંધપાત્ર ભૂમિકા ભજવી ગયો છે!

**પરિશ્રમ અને પુરુષાર્થ**

હરભાઈનું સમગ્ર જીવન પ્રચંડ પુરુષાર્થ, પરિશ્રમ અને પ્રેમની ત્રિવિધ કડીઓથી ગૂંથાયેલું હતું. હાથવેંત દેખાતી નાનામાં નાની વસ્તુ પણ મેળવવા માટે તેમને ભારે પરિશ્રમ કરવો પડતો. પ્રારબ્ધ જેવો શબ્દ તેમના જીવનપટ પર કદી લખાયો જ નહોતો. કોઈની મહેનત કે વિચારનું ફળ તેમને મળ્યાનું સાંભળ્યું નથી.

હરભાઈએ સ્વાનુભવ અને સ્વચિંતન દ્વારા જ જીવનની અડીખમ ઈમારત બાંધી હતી. શિક્ષક બન્યા તો ખરા, પણ શિક્ષક તરીકેની તાલીમ કે શિક્ષા કોઈએ તેમને આપી નહોતી. અને એવી તાલીમથી તેઓ વંચિત રહ્યા તે પણ એક ઈશ્વરી સંકેત હતો. જો તેમણે તાલીમ લીધી હોત, તો તેઓ ચીલાચાલુ, પ્રણાલિગત શિક્ષક જ બન્યા હોત, સ્વતંત્ર વિચારસરણી ધરાવતા અને સર્જક શિક્ષક ન બની શકત! હરભાઈનું ચિંતન, મનન અને વાંચન એટલું ઊંડું હતું, કે તેમાંથી તે સ્થળ, કાળ અને સમાજને જરૂરી એવા શિક્ષણનું માળખું ઊભું કરી શક્યા. નવા નવા અભિગમો અને પદ્ધતિઓ વિકસાવી શક્યા.

હરભાઈનું બધું જ કાર્ય સ્વતંત્ર અને નૂતન હોય. તેમના વ્યક્તિત્વનું એક ઊડીને આંખે વળગે તેવું પાસું એ હતું કે તેમણે ક્યારેય કોઈ મુદ્દાનું સીધું અનુકરણ કર્યું નહતું કે ન કશું ઉછીનું લઈને જશ ખાટ્યો! હરભાઈનું સતત નાવિન્ય સર્જતું વ્યક્તિત્વ સૌને આકર્ષી જતું હતું. તેઓ કદી પુસ્તકીયા જ્ઞાન પર આધાર રાખીને બેસી રહેતા નહિ. વ્યવહારમાં ચકાસી જોયા વિના કશું જ તેઓ સ્વીકારતા નહિ, કે પ્રબોધતા પણ નહિ. હરભાઈની એક સતત દૃઢ માન્યતા હતી, કે ''શિક્ષક પણ આજીવન વિદ્યાર્થી જ છે.''

હરભાઈની પ્રત્યેક સિદ્ધિ પાછળ તેમનો પ્રચંડ પુરુષાર્થ રહેલો હતો. દક્ષિણામૂર્તિ અને ઘરશાળા બંનેના પાયા નાંખવામાં અને વૃદ્ધિ-વિકાસ કરવામાં, તેમણે જેટલો પોતાના પ્રયત્નો પર આધાર રાખેલો, તેટલો બહારની મદદ પર કદી નહતો રાખ્યો. ઘરશાળામાં આઠ-નવ વિભાગો ઊભા કરી તેમનું પરિણામલક્ષી સંચાલન કરવું, અધ્યાપનમંદિર ચલાવવાની હામ ભીડવી, સહશિક્ષણ, જાતીયશિક્ષણ, વિદ્યાર્થીમંડળ, ઈત્યાદિ પ્રયોગો કરવા પાછળ તેમનું આત્મબળ અને પરિશ્રમ વિશેષ હતાં. નવી યુનિવર્સિટીનો નખશીખ નકશો તૈયાર કરી, સરકારમાં મૂકવો અને ભાવનગરમાં તેનો પાયો નંખાવવો, પોતે પોતાની રીતે યુનિવર્સિટીનું સંચાલન કરી શકે તે સારુ વાઈસ-ચાન્સેલર તરીકે નિમણૂક પામવી આ બધું તેમના અદ્‌ભુત આત્મવિશ્વાસ અને અગાધ પુરુષાર્થનું પરિણામ હતું!

**ક્રાંતિકારી માનસ**

છેક બાલ્યાવસ્થાથી જ હરભાઈનું માનસ ક્રાંતિકારી અને સ્વતંત્ર રહ્યું હતું. ચાર-પાંચ વર્ષની વયે પોતાની ઈચ્છા વિરુદ્ધ તેમને નિશાળમાં મૂકી આવવાના પગલા સામે તેમણે ભારે વિરોધ અને બંડ કર્યું હતું. એટલી હદે કે એવી શાળામાં તે કદી ગયા જ નહિ. શિક્ષકોનો શારીરિક શિક્ષાને દમનનો તેમણે સખત વિરોધ કર્યો, એટલું જ નહિ, જ્યારે તે શિક્ષક બન્યા ત્યારે કોઈ વિદ્યાર્થીને કદી શિક્ષા નહિ કરવાની પ્રતિજ્ઞા લઈ લીધી.

હરભાઈ સમાજમાં પણ કોઈની દાદાગીરી, ધમકી કે દબાણને વશ થતા નહિ. તેમને જે ઠીક લાગે તે કાં તો બદલી નાખતાં કાં તેનો ત્યાગ કરી દેતા. વડીલો અને અધિકારીઓ પ્રત્યે આદર જરૂર રાખતા, પણ તેમની હરેક વાત મૂંગે મોંઢે સ્વીકારી લેવાનું તેમને માફક નહોતું આવતું. પોતાને સાચી લાગતી બાબત સર્વોચ્ચ અધિકારી સમક્ષ વિવેક અને વિરોધ સાથે રજૂ કરતાં તે કદી ખચકાતા નહિ. દક્ષિણામૂર્તિના આજીવન સભ્ય ખરા, શ્રી નાનાભાઈના આજ્ઞાંકિત પણ ખરા. છતાં જ્યારે તેમને લાગ્યું કે, છાત્રાલયમાં રહેતા છાત્રોનો જીવનવિકાસ રુંધાતો હતો અને તેમનું મૂળભૂત સ્વાતંત્ર્ય હણાઈ રહ્યું હતું, ત્યારે તે હકીકત નાનાભાઈ સમક્ષ નિખાલસતાથી રજૂ કરવાની અને છાત્રાલયજીવનમાં પરિવર્તન લાવવાની હિમાયત કરતાં હરભાઈ ખચકાયા નહોતા. તે પછી પણ એવા કેટલાય મુદ્દે અને પ્રસંગે હરભાઈનું સ્વતંત્ર ચિંતન અને સુધારાવાદી વર્તનની ઝંખના અનેક પરિવર્તનશીલ શાળાસંચાલકો અને છાત્રાલય વ્યવસ્થાપકો સેવતા હતા. તે અંગે નાનીમોટી ચર્ચા, વિવાદ થતાં પણ ખરાં. જે મુદ્દે સમાધાન ન થઈ શકતું ત્યાં હરભાઈ ગમ ખાઈ જતા હતા.

છતાં કેટલીક બાબતોમાં તેમનું ક્રાંતિકારી માનસ સમાધાન સ્વીકારી શકતું નહોતું. પરિણામે તે અળગા થતા. તેમની ટીકા થતી. વિરોધ પણ થતો. હરભાઈને ચીલાચાલુ કે પ્રણાલિગત વ્યવસ્થા કે વ્યવહાર પસંદ નહોતાં. જીવનના પ્રત્યેક પગથિયે તે બૌદ્ધિક વિચારણા કરીને કોઈક બુદ્ધિગમ્ય (Rational) અભિગમ સ્વીકારનારા હતા. કોઈના સૂચન, આદેશ કે દબાણથી કશું પણ ન સ્વીકારવું તે તેમનો મૂળભૂત સ્વભાવ અને સિદ્ધાંત હતો. જે છે તેમાં કંઈક સુધારો કરવો, નવરચના કરવી, વૃદ્ધિ-

વિકાસ (modification) કરવાનું તેમના લોહીમાં વણાઈ ગયું હતું.

હરભાઈની હિંમત અને સ્થિરતા પણ દાદ માંગી લે તેવાં હતાં. તેમને સાચી ને સ્વીકાર્ય લાગતી બાબત તે કદી છેડતા નહિ. પછી ભલેને તેમની વિરુદ્ધ ભગવાન ઊતરે! અને તેમની ઈચ્છા વિરુદ્ધ તે એક ડગલું પણ માંડતા નહિ, પછી ભલેને સામે મોટું પ્રલોભન હોય! હરભાઈની હરેક બાબત ક્રાન્તિકારી હોવાની! ધર્મ અને રાજકરણમાં પણ હરભાઈને જૂનવાણીપણું દેખાતું હતું. તેમણે તેનો સખત વિરોધ કર્યો હતો. તેમણે ઉદારમતવાદી વલણ અપનાવ્યું હતું. રૂઢિ અને રિવાજોને હરભાઈએ ઠોકર મારવાનું પસંદ કર્યું હતું. જ્યારે તેમણે શિક્ષણમાં જાતીય વિજ્ઞાન અને માનસશાસ્ત્રનું મહત્ત્વ સ્વીકાર્યું હતું, ત્યારે તેમને જૂની માન્યતાઓ સામે લડવું પડ્યું હતું. માનહાની પણ સહેવી પડી હતી.

તેમના વિચાર, વાણી કે વર્તનમાં તેઓ ક્યારેય જૂનવાણી (orthodox) દેખાયા નહોતા. એ સમય ગાંધીવાદી વિચારસણીનો હતો. દક્ષિણામૂર્તિ સંસ્થા પણ ગાંધીવાદને વરેલી હતી. ઉદ્યોગોનું ફરજિયાતપણું, અતિરેક કે શિક્ષણની ગાંધીવાદી પદ્ધતિનો હરભાઈએ વિરોધ કર્યો હતો.

**અમલદારશાહીનો વિરોધ**

હરભાઈ હંમેશાં સ્વતંત્ર વ્યક્તિત્વના હિમાયતી હોવાને કારણે જીવનમાં અને શિક્ષણમાં પણ સહુની સમાનતા અને ભાગીદારીના ચાહક બન્યા હતા. આચાર્ય કે શિક્ષક કદી અમલદાર બની શકે નહિ, અને બને તો હરભાઈ તેના કટ્ટા વિરોધી બની જતા. આચાર્ય એ સંચાલક ખરા, પણ તે માત્ર આદેશો આપે, હુકમો છોડે અને બીજા તેના આજ્ઞાંકિત બનીને તેના હુકમોનું પાલન કરે તે માનવા તે તૈયાર નહિ. તેમનું વડપણ (headship) તદ્દન ખુલ્લી કિતાબ જેવું રાખતા. તેમની કચેરી પણ નહિ, કારકૂન પણ નહિ. પ્રાર્થના-ખંડના એક ખૂણામાં તેમનું ટેબલ હોય અને ત્યાં બેસીને તે પોતાનું કામ કરતા. સૌ તેમને જોઈ શકે અને તેઓ સૌને જોઈ શકે, એવી રીતે. જે તેમને મળવા માગે તે વિના રોકટોક સીધા તેમની પાસે જઈ પોતાની રજૂઆત કરી શકે. કશો જ ઠાઠમાઠ કે ભપકો-ભડક નહિ.

હરભાઈના વ્યક્તિત્વમાં ક્યાંય અમલદારશાહી દેખાય નહિ. તો તેઓ પણ જીવનમાં અમલદારશાહીનો વિરોધ કરનારા હતા. શિક્ષક પણ તેના વર્ગમાં લેશમાત્ર ઉગ્ર વલણ કે ભયનું વાતાવરણ પેદા કરે તો હરભાઈ તેને રોકતા અને ઠપકો આપતા. માબાપોને પણ તેમનાં સંતાનો પર અમલદારી ન કરવાની સલાહ આપતા.

હરભાઈની સ્પષ્ટ માન્યતા હતી કે, મોટાઈ અને ભયથી કદી કોઈના પર નિયમપાલન કરાવી શકાતું નથી કે, શિસ્ત લાદી શકાતી નથી. ‘‘અમલદારો એક પ્રકારના જુલ્મગારો છે, અને તેમને સહન ન કરવા જોઈએ’’ એવું હરભાઈ સૌને સમજાવતા હતા. ‘‘અમલદારશાહીનો જીવનકાળ ખૂબ ટૂંકો હોય છે, જ્યારે પ્રેમ અને સહકારથી કામ કરાવાની રીત અતિ લાંબો સમય ટકી શકે છે; એટલું જ નહિ, તેનાથી પેદા થતી અસર અને નિપજતું પરિણામ ચિરંજીવી બની શકે છે.’’

# તાઈ અનાથ બચ્ચોં કી માઈ

- હીરજીભાઈ નાકરાણી

પ્રેમ અને લાગણી કે આકર્ષણ સિક્કાની બે બાજુ જેવાં અભિન્ન છે. પ્રેમ એ સત્યનો પ્રકાશ અને ઊર્જા છે. અને લાગણી કે આકર્ષણ પ્રેમનો આભાસ છે. પ્રેમ સૂર્યની જેમ સ્વયં પ્રકાશિત છે. અને લાગણી કે આકર્ષણ પરપ્રકાશિત હોય છે. પરપ્રકાશિતનું સ્વરૂપ બદલાઈ શકે, જ્યારે સ્વપ્રકાશિતનું સ્વરૂપ બદલાતું નથી તે તો હિમાલયની જેમ અડગ રહે છે.

વિવેકહીન લાગણી એટલે આકર્ષણ. પછી એ રૂપનું હોઈ શકે, જ્ઞાનનું હોઈ શકે, શ્રીમંતાઈનું હોઈ શકે, શરીર સૌષ્ઠવનું હોઈ શકે કે કાર્યક્ષમતાનું પણ હોઈ શકે. આ બધાને પરિસ્થિતિ ક્યારે બદલી નાખે તેની કોઈ ખાતરી નથી હોતી. જ્યારે પ્રેમ તો સ્વપ્રકાશિત છે એટલે પરિસ્થિતિને જ બદલી નાખે છે.

આવા એક પ્રેમાળ શિક્ષણ સન્યાસિનીની આજે વાત કરવી છે. નામ છે શાંતા. મહારાષ્ટ્રમાં થોડો સમય તાલીમ લેવા ગયા ત્યાં 'તાઈ'નું લેબલ લાગી ગયું. મરાઠી ભાષામાં તાઈ એટલે બહેન થાય છે. ભાવનગર દક્ષિણામૂર્તિમાં શ્રી ગિજુભાઈ બધેકાના સાહસથી શ્રી તારાબહેન મોડકની શિક્ષણ સંસ્થા મહારાષ્ટ્રના બોરડી ગામે ચાલતી હતી. તેમાં શાંતિને તેમના પિતાએ બાળકોના શિક્ષણની તાલીમ લેવા માટે મોકલેલી. તેમને બોરડીની આસપાસના આદિવાસી વિસ્તારના બાળકોને શિક્ષણ અને સંસ્કાર રેડવાનું કામ સોંપાયું. મેલાં ઘેલાં બાળકોને નવડાવવાનું. તેમના માથા ધોવા, તેલ નાખી ઓળી આપવા, કપડાં પહેરતા શીખવવું, નખ કાપી આપવા, નાસ્તાની ડીશ જાતે સાફ કરવી, યથા સ્થાને ગોઠવી દેવી. ધોયેલા કપડાં વાળતા-સંકેલતા શીખવવાનું વગેરે દૈનિક જીવનના તમામ કામો બાબત બાળકોને કાર્યક્ષમ કરવાની જવાબદારી સોંપવામાં આવી.

આ સિવાય બાળકોને બાલગીતો ગવડાવવા, નાચતા-કૂદતા કરવા, બાલવાર્તાઓ કહેવી, અભિનય કલા શીખવવી વગેરે. આ અબુધ ગમાર બાળકોને ચેતનવંત કરવાનું જબરું કામ ઉપાડ્યું.

૧૯૫૪માં ભાવનગર દક્ષિણામૂર્તિમાં એક શિક્ષણ સેમિનાર યોજાયો તેમાં બોરડી સંસ્થાના પ્રતિનિધિ તરીકે શાંતાને મોકલવામાં આવી. તે અરસામાં ઘરશાળામાં એક રબારી યુવાન ઢોરો ચારવાનું પડતું મૂકીને ભણવા આવેલો. આ સેમિનારના સમારંભમાં ચાર આંખ ભેગી થઈ. કામણગારી આંખોને એક ઈશારો કાફી હોય છે. યુવક સેમિનારમાં પણ ચાર આંખોમાં અંજાઈ ગયો. અંતરના અંતરને દૂર કરવા માટે નાનકડો અવસર સાક્ષી બન્યો.

સમાન વિચારધારા, સમાન જીવનશૈલી અને નિખાલસ સ્વભાવે અંતરનું દૂરત્વ દૂર કરી દીધું. બન્નેના હસમુખા સ્વભાવે દૂરત્વ દૂર કરવામાં બહુ મોટો ભાગ ભજવ્યો. આ હતો નજરનો પરિચય. વાત કરવાનો હજુ મોકો મળ્યો નહોતો.

પાલીતાણાના પ્રવાસમાં અચાનક ફરી ચાર

આંખ ભેગી થવાનો અવસર મળ્યો. જૈન તીર્થ ભૂમિની પવિત્ર ધરતી પર પ્રેમનું બીજ રોપાઈને પાંગરવાનું શરૂ થયું. દ્વૈતમાંથી અદ્વૈતની યાત્રા શરૂ થઈ અને બન્નેએ હૃદયથી એકબીજાના જીવનસાથી બનવાના પ્રણ લીધા.

આમ જુઓ તો સુખી સંપન્ન ઘરાનામાં ઉછરેલી શાંતાનું વ્યક્તિત્વ ઝાઝરમાન, વાન ગોરી મેડમ જેવો, આંખો માંજરી, લાંબાકાળા વાળ, એકવડિયું શરીર.

બીજી બાજુ જુઓ તો વનવગડામાં ઘેટાંબકરાં ચરાવતો આ રબારી યુવાન સાવ ગામડીઓ, શ્યામસુંદર, બત્રીસી સફેદ દાડમના કળી જેવી સુંદર, દેખીતી રીતે કજોડું લાગે પણ માયલો સ્વપ્રકાશિત તારા કે સૂર્ય જેવો હતો.

જોનારને મનમાં એક પ્રશ્ન જરૂર ઊઠ્યો હશે કે પૂર્વ અને પશ્ચિમના રંગનો મેળ કેવી રીતે પડ્યો હશે? પ્રેમને ક્ષુલ્લક બંધનો ક્યારેય નડતા નથી. દેશ-વિદેશના બંધનો, નાત-જાત, વર્ણ, ધર્મ કે રંગભેદના બંધનો, પણ ક્યારેય નડતા નથી હોતા. પ્રેમ એ સત્યનું શુદ્ધ સ્વરૂપ છે, સત્ય ક્યારેય બદલાતું-ઝંખવાતું નથી.

૧૯૫૬માં આ રબારી યુવાનને ભારતની ધરતી ખુંદીવળવાની ઈચ્છા થઈ. ખભે થેલો નાખી અલગારીની જેમ નીકળી પડ્યો. યાત્રાના સંદર્ભમાં બોરડી જવાનું જાણી જોઈને ગોઠવાયું હોય એવું બનવા સંભવ છે. રામ જાણે અંદરની વાત શું છે? અહીં વળી ફરી ત્રીજો અવસર અદ્વૈતને રસ્તે જવાનો મળ્યો. યાત્રામાં વિશેષ નજીક આવવાનું થયું. અંતરે ઘુમરાઈ રહેલ વિચારયાત્રાને પ્રગટ કરવાનો અવસર મળ્યો. બન્નેની સમંતિથી પત્રાચારનો રસ્તો ખુલ્લો થઈ ગયો. દાંપત્ય જીવનની ગંભીરતા અંગેની સમજ વિકસતી ગઈ, વિવેકનું દ્વાર ખુલ્લું થયું. ડહોળાયેલ પાણી આસરવા લાગ્યું. આશુદ્ધિઓ તળિયે બેસી ગઈ. અંતે બન્નેએ લગ્ન અંગેના કોલકરાર કર્યા.

પરિણામ એવું આવ્યું કે ચોથી જૂન ૧૯૫૬ના મંગલ પ્રભાતે સુરેન્દ્રનગરના કોઠારી બાલમંદિરના સભાખંડમાં શહેરના સદ્‌ગૃહસ્થોના આશીર્વાદથી ચાર મંગળ ફેરાના અંતે દાંપત્ય માટેનું પાકું લાયસન્સ મળી ગયું. શહેરમાં ઉલ્લાસ હતો. આનંદ હતો અને અભિનંદનના વધામણા થવા લાગ્યા.

બીજી બાજુ આ લગ્નની જાણ યુવાન નાગજીભાઈના વતન માણેકપુરના રબારી સમાજને થઈ. આખો રબારી સમાજ વિફર્યો, ઉકળી ઊઠ્યો. સામાજિક રીતે તેમનો સામૂહિક બહિષ્કાર થયો, નાત બહાર મૂકાયા. ચોરેને ચૌટે આ લગ્નના અનાદરની વાતો થવા લાગી અને આખો રબારી સમાજ ખળભળી ઊઠ્યો. આ દંપતિને કોઈ પણ ભોગે જબ્બે કરવા માટે કેટલાંક વડીલો હાથમાં હથિયાર લઈને નીકળી પડ્યા.

શાંતાબહેનને એ જ કોઠારી બાલમંદિરમાં શિક્ષિકાની નોકરી મળી ગઈ. થયું એવું કે શાંતાબહેન સ્નાતક અને નાગજીભાઈ મેટ્રિક પાસ. લગ્ન માટે શિક્ષણ ક્ષમતાના બંધનો નડ્યા નહીં. આર્થિક રીતે હાશકારો તો થયો, પણ માથે ભમતું મોત શાંતિને શાંતિ લેવા દેતું નથી. પકડાઈ જવાની બીકે ઉંઘ હરામ કરી નાખી. ક્યારે માથા પર વીજળી ખાબકશે તેવા અવઢવમાં કોઈ માર્ગ સૂઝતો નહોતો.

ભણવાની ભૂખ નાગજીભાઈને સુખે નીંદર લેવા દેતી નથી. પ્રશ્ન હતો આર્થિક ભીંસનો. નાણા વગરનો નાગજી કરે પણ શું? તેમને

સ્નાતક સુધી પહોંચાડવાનું બીડું શાંતાબહેને ઝડપી લીધું. કોઈ મિત્રએ આ ઘટના અંગેની વાત શ્રી નાનાભાઈ સુધી પહોંચાડી. જો શાંતબહેનને લોકભારતી સંસ્થાની બાલવાડીમાં નોકરી મળી શકે તો જ તેઓ પોતાની આવકમાંથી નાગજીભાઈને ભણાવી શકે.

નાનાભાઈએ હકીકત જાણ્યા પછી બન્નેને સણોસરા બોલાવી લીધા. સર્વિસ આપી, મકાન આપ્યું, નાગજીભાઈના બા એક બાળક લઈને નાગજીભાઈ સાથે રહેવા આવી ગયા. એકબાજુ નાગજીભાઈનું ભણવાનું શરૂ થયું અને શાંતાબહેને બાલવાડીમાં સેવા આપવાનું શરૂ કર્યું. બન્નેને હાશકારો થયો. અંતરે શાંતિ અને બહાર પણ શાંતિ. બન્ને શાંતિએ સુખ અને આનંદનો સૂર્યોદય પ્રગટ કરી દીધો. ઉગતા સૂરજનું તેજ કોને ન ગમે? અહીં અમે એકબીજાના પરિચયમાં આવ્યા.

૧૯૫૬માં સીધો બીજા વર્ષમાં પ્રવેશ મળ્યો. એટલે બે વરસામાં તેણે સ્નાતકનો અભ્યાસ પૂરો કર્યો અને બે વરસના વાણાવાઈ ગયા એટલે ઉકળી ગયેલો રબારી સમાજ ઠંડો પડી ગયો. માણેકપુરના કુટુંબીએ તેમને આવકાર્યા. અંદરના ભયનો નિભાડો ધુંધવાયેલો તો હતો જ પણ શાંતાબહેનને જોયા પછી ઘરમાં એક રસ થઈ ગયા પછી ત્રણે બહેનો સારી રીતે બોલાવવા લાગી. તેમના બાએ પ્રેમથી શાંતાબહેનને આવકાર્યા અને સ્વમાનભેર આનંદથી રહેવા લાગ્યા. છાણ-વાસીદુ પણ કરવા લાગ્યા. કૂવેથી માથે બેડું મૂકી પાણી લઈ આવવા લાગ્યા. અંદરના સ્વીકારે બહારના દરવાજા ખોલી નાખ્યા. ગોરી મેડમને જોવા માટે ગામની રબારણો દોડી આવી. જોઈને સૌ રાજી થઈ. ''વાહ! છે તો રૂપાળી'' કહીને રસ્તે પડતી.

માણેકપુરથી સાવ નજીકના ગામ અમરાપુરમાં ગ્રામભારતી સંસ્થાએ ઉત્તરબુનિયાદી શાળા શરૂ કરી. નાગજીભાઈ સંસ્થામાં જોડાયા, ૧૯૫૮માં. શ્રી મોતીભાઈ ચૌધરી સાથે બે વરસ કામ કર્યું. સૈદ્ધાંતિક બાબતમાં વિચારભેદ થતા, સેવા અને સમર્પણના આદર્શ સાથે પુનઃ બન્ને ફરી સુરેન્દ્રનગર આવી ગયા. અહીં કોઠારી બાલમંદિરના આચાર્યશ્રી જયંતભાઈ શુક્લના નેતૃત્વમાં શિક્ષક તરીકે નાગજીભાઈ જોડાઈ ગયા.

બન્નેને ચીલાચાલુ શિક્ષણ પ્રત્યે અભાવ તો હતો જ એટલે વિચારો નવી ક્રાંતિને માર્ગે ચડ્યા. તે વખતે વઢવાણ કેમ્પ સ્ટેશન પાસે આવેલ અનાથ આશ્રમનો વહીવટ કથળી જતા તેનો વહીવટ શાંતાબહેન અને નાગજીભાઈને સોંપાયો. અનાથ બાળકોનું છાત્રાલય શાંતાબહેનને સોંપાયું. સમાજમાં હિન ગણાતી આ સેવાને સ્વતંત્ર ગૌરવ અપાવી પ્રતિષ્ઠિત કરવા માટે જૂની પરંપરા અને રૂઢિઓને બદલી નાખી. છાત્રાલયમાં રહીને શાળામાં ભણવા જતા બાળકોને શિક્ષણ સાથે સંસ્કાર ઘડતરનું કામ શરૂ થયું.

અનાથ બાળકોની માતા બનીને સંસ્થાના કાર્યમાં પ્રાણ રેડવાનું ચાલુ થયું. બાળકોમાં આત્મગૌરવ અને સન્માન સાથે જીવવાના મનોરથો પેદા કર્યા. શહેરમાં માગી ભીખીને ખાવાનું બંધ થયું. કોઈ સારા પ્રસંગે અનાથ બાળકોને જમવા બોલાવતા હતા તે પણ બંધ થયું. અન્નપૂર્ણા ખૂબ મીઠાઈઓ, ફરસાણ વગેરે વિવિધિ ખાદ્ય પદાર્થો ખૂબ આવવા લાગ્યા. આ બધું ખાઈને બાળકો માંદા પડતા હતા. એટલે સ્વાસ્થ્ય જાળવવા નિયંત્રણ રાખવામાં આવ્યું. બાળકોને સાદું ભોજન અને પૌષ્ટિક ખાદ્ય પદાર્થો અપાવા લાગ્યા. કોઈના મૃત્યુ પછી ભોજન અપાતું તે પણ બંધ થયું. તેના બદલે

રોકડ દાન લઈ બાળકોના શિક્ષણ વિકાસમાં તેનો ઉપયોગ થવા લાગ્યો. પુસ્તકદાન, નોટબુક, લેખન સાધનો તેમજ શૈક્ષણિક સાધનો દાન સ્વરૂપે સ્વીકારવાનું નક્કી થયું.

બાળકોને પ્રવાસે લઈ જવા, વિવિધ સંસ્થાઓની મુલાકાત લેવી, સારા વક્તાને વાર-તહેવારે બોલાવવા, રક્ષાબંધન તહેવારમાં શહેરની બહેનો અહીં સંસ્થાના બાળકો વચ્ચે આવીને ઉજવતી થઈ, બાળકો સાથે ભોજન લેવાનું પણ સ્વીકારાયું.

ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો ગામના સદ્‌ગૃહસ્થો સાથે ઉજવવાનું શરૂ થયું. આભડછેટ ગઈ. આશ્રમના સેવાનું જાહેરમાં સન્માન થવા લાગ્યું. હૈયાની હૂંફે શાંતાબહેનને બાળકોએ પ્રેમસભર પાલકમાતા તરીકે સ્વીકાર કર્યો. સાવ નાનાં બાળકોને શાંતાબહેન જાતે નવડાવતા, માથા ઓળી ધોયેલા કપડાં પહેરાવી શાળાએ મોકલતા રહ્યા. બાળકોને તાઈ પોતાના લાગવા માંડ્યા. કોઈ બાળક બીમાર થાય તો પોતે ખડે પગે રહેતા. ડૉક્ટરને આશ્રમે બોલાવી દરેક બાળકનાં સ્વાસ્થ્ય અંગે સલાહ લેતા. ડૉક્ટરના ચીંધ્યા પ્રમાણે નિયમિત દવા અને ખોરાકમાં ખૂબ કાળજી લેવાતી થઈ.

નવરાત્રિના ગરબામાં અહીંના બાળકો સાથે ગરબે ઘુમવા શહેરની મહિલાઓ, પરિવાર સાથે આવતી થઈ. હોળી-ધૂળેટીના ઉત્સવો ધામધૂમથી ઉજવાવા લાગ્યા. આમ, અનાથ બાળકો પ્રત્યે જૂના ખ્યાલો દૂર થયા. લોકોની વિચારણા અને પ્રણાલીમાં મૂળભૂત બદલાવ થઈ ગયો. લોકમાનસ પલટાયું, રાજીખુશીથી વાર-તહેવારે જાગૃત સમાજની જનતા આશ્રમમાં ગૌરવભેર આવતી થઈ ગઈ.

૧૯૪૭માં મૈત્રી વિદ્યાપીઠે પી.ટી.સી. કૉલેજ શરૂ કરી. કોબાથી આચાર્યપદે હું અહીં આવ્યો.

આ આશ્રમમાં પાંચ પ્રકારના બાળકો આવતા હતા.

(૧) જેમને ઉપર આભ અને ધરતી સિવાય કોઈ નથી એવા સંપૂર્ણ અનાથ બાળકો
(૨) જેણે માતા-પિતા બન્નેને નાનપણમાં ગુમાવી દીધા હોય તેવા બાળકો
(૩) જેની માતા પરલોક પામી હોય પણ પિતા જીવતા હોય.
(૪) જેના પિતા પરલોક પામ્યા હોય પણ માતા જીવતી હોય.
(૫) આર્થિક ગરીબ અને પછાત બાળકો.

''આ છે ઝાડના પારખાં'' ફળના સંદર્ભમાં શ્રી શાંતાબહેન દેસાઈના ધર્મકાર્યની સફળતા. સમગ્ર જીવનને અનાથ બાળકોના વિકાસમાં સમર્પિત કરી દીધું હતું. અનાથના વિકાસ સિવાય એમને કંઈ દેખાતું ન હતું. આ હતો એક સુખી-સંપન્ન અને ઝાઝરમાન વ્યક્તિના ત્યાગભાવનું ઉજ્જવળ મૂલ્ય. તેઓ ૨૦૨૨માં પ્રભુને પ્યારા થઈ ગયા. ધર્મકર્મની સુહાસ કાયમ માટે મૂકતા ગયા. શાંતિને ઈશ્વરે પરમ શાંતિ આપી દીધી.

નાગજીભાઈ અને શાંતા તાઈ ઉપરોક્ત બાળકોનાં માતા-પિતા બન્યા. આશ્રમના બાળકો જ તેમનું કુટુંબ હતું. સમાજ સુધારક, કરૂણામૂર્તિ અને શિક્ષણપ્રેમી - દંપતીએ ગુજરાતમાં એક આગવી સંસ્થા સ્થાપી, માવજત કરી. વિશાળ વટવૃક્ષ સમી આ સંસ્થામાંથી અનેક બાળકોના જીવનમાં નવો પ્રકાશ-નવી દિશા ઉલ્લાસ અને આનંદ પ્રગટાવવામાં આ દંપતી કાયમ માટે વંદનીય અને અતિઅભિનંદનીય રહેશે.

આશ્રમમાંથી શિક્ષિત અને દિક્ષિત વિદ્યાર્થીઓની વાત ફરી ક્યારેક કરીશું. આજે તો અનાથ બચ્ચો કી માઈને શત્ શત્ વંદન.

# રતિલાલ બોરીસાગર : વહાલથી વાવ્યું, અઢળક ઊગ્યું

- ઈશ્વર પરમાર

''એક રમ્ય સવારે એક મિત્ર મારા ઘરમાં પ્રવેશતાં બોલ્યા - 'તમે છાપામાં વાંચ્યું?' આંધ્રની શાળાના ગુસ્સે થયેલ આચાર્યે પંદર વિદ્યાર્થીઓના વાળ કાપી નાખ્યા. આ અત્યાચાર વાંચી મને તો એવો ગુસ્સો આવ્યો કે હું વાળ કપાવ્યા વિના જ પાછો આવતો રહ્યો. પેલા આચાર્ય વિદ્યાર્થીઓના વાળ કાપી તો નાખ્યા પણ એવા આડેધડ કાપ્યા કે વિદ્યાર્થીઓ શરમના માર્યા ઘરની બહાર ન નીકળી શક્યા.''

''ખરેખર શિક્ષકોને વાળ કાપવાની ટ્રેનિંગમાં મોકલવા જોઈએ. આંધ્રના એ આચાર્યને રાષ્ટ્રપતિ દ્વારા 'કેશ કર્તન કલાકાર'નો એવોર્ડ આપવો જોઈએ. આખા દેશના આચાર્યો અને શિક્ષકો આંધ્રના આચાર્યને અનુસરશે તો સંપૂર્ણ ક્રાંતિનાં મંડાણ થશે એવી આશા છે.''

- આવા પ્રખર આશાવાદી લેખના પુરસ્કૃત પુસ્તક 'તિલક કરતાં ત્રેસઠ થયાં' માંનો એક હાસ્યનિબંધ 'શિક્ષણ અને કેશકર્તન' માંથી આ લેખનો અંશ ભાગ અહીં રજૂ કરેલ છે. એના લેખકનું નામ છે : રતિલાલ બોરીસાગર. તેઓ આજીવન-અ-સામાન્ય શિક્ષક રહ્યા. શિક્ષક તરીકેની કારકિર્દી એવી તો પ્રાણવાન અને પ્રેરક રહી છે કે તેમને શિક્ષણના સિતારા જ નહીં, શિક્ષણના 'મરકતા સિતારા' તરીકે જ નવાજવા રહે!

સાહિત્યક્ષેત્રે પણ એમનું સ્થાન આગલી હરોળમાં. સાહિત્ય ક્ષેત્રે અનેક સન્માન-પુરસ્કારોથી તેઓ વિભૂષિત છે. પરંતુ સાહિત્ય લેખોના પાસાને સ્પર્શયા વિના અત્રે તો શિક્ષણ ક્ષેત્રે એમની સાધનાની ઝાંખી કરાવવાની જ સીમા સ્વીકારેલ છે.

રતિલાલ બોરીસાગરની જન્મ તારીખ : ૩૧-૮-૧૯૩૮, જન્મ સ્થળ : સાવરકુંડલા, જન્મ પછી ૩૬ વર્ષ લગી આ ગામમાં રહ્યા. માતા : સંતોકબહેન, આનંદી. લખતાં વાંચતાં મોડેથી શીખ્યા પણ ભાષાપ્રયોગમાં પાવરધા, ઘરમાં એમનો મોભો સુપ્રિમ કોર્ટ જેવો. રતિલાલને-નિશાળે ન જવા માટે અછડાતા-પછડાતાં રતિઆને વારંવાર કહેતાં : 'ભણીશ નહીં તો લોટ માંગવાનો વારો આવશે!' પિતા : મોહનલાલ ગામની પ્રાથમિક શાળામાં એકધારી ૩૬ વર્ષ નોકરી ને તેય પહેલા ધોરણમાં જ! તે ઉપરાંત ખપતી ખેતી અને ટૂંકાં ટ્યૂશન પણ કરતા. બોલે ઓછું. સ્વભાવે ગંભીર. એમને એવી અબળખા ખરી કે મારાં બાળકો ખૂબ ભણે અને પૂરું ભણે! પરિવારનું આર્થિક સ્તર : ગરીબીની નજીકનો મધ્યમ વર્ગ. ગામમાં વીજળી આવેલી પણ મોહનમાસ્તરનું ઘર ઘાસતેલના દીવાને અજવાળે મોજમાં!

એકડિયા-બારાખડીનું ભણતર ઘરમાં જ લઈને સજ્જ થયેલા રતુને છ વર્ષની ઉંમરે પહેલા ધોરણમાં પ્રવેશ મળ્યો. રતુને પ્રવેશ મળ્યો પછી શાળાએ જવાનું ન ગમતું પણ ભણવાનું ગમતું! છેક ચોથા ધોરણમાં વર્ગશિક્ષક ઉમેશભાઈ ધાંધિયાના પ્રોત્સાહક વર્ગ - વ્યવહાર થકી રતુભૈ રેગ્યુલર થઈ ગયા.

એ ગુજરાતી સ્કૂલ પછી મિડલ સ્કૂલ ને હાઈસ્કૂલમાં આઠમાં ધોરણમાં રતુને બે-ત્રણ મિત્રો સાથે વર્ગખંડની બહાર સરકી જઈને રખડવાનું બંધાણ થયું હતું. આથી ગુજરાતી (પ્રાથમિક) નિશાળમાં પહેલા નંબરે પાસ થતો રતુ આઠમા ધોરણમાં માંડ પાસ થયો.

નવમા ધોરણમાં વર્ગશિક્ષક સોમાણીસાહેબને રતુના ચાલુ શાળાએ મુક્તવિહારનો ખ્યાલ આવી ગયો. એમણે રતિલાલને એકાંતમાં બોલાવ્યો. તેને ખભે હાથ મૂકીને ભીની આંખે કહ્યું : 'બોરીસાગર, જેની સાથે તું વર્ગની બહાર રખડે છે એ તો વેપારીના દીકરા છે, તેઓ નહીં ભણે તો બાપના ધંધામાં લાગી જશે, પણ તારા બાપુજી પ્રાથમિક શાળામાં માસ્તર છે. નહીં ભણે તો તું શું કરીશ?'' બસ સોમાણી સાહેબની સંવેદનાએ રતુને રડાવી દીધો! - ત્યારથી રતુના ભણતરની ગાડી પાટે ચડી ગઈ. હવે એને જાહેર વાચનાલય ને પુસ્તકાલયમાં જવાની ટેવ પડી અને વિકસી. દસમા ધોરણમાં ગુજરાતીના શિક્ષક અને લેખક મુકુંદભાઈ પંડ્યાએ પ્રભાવિત કર્યા. એમની જેવા લેખક થવાની પ્રેરણા મળી.

ધોરણ-૧૧ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં પાસ થવા માટે રતિલાલે આકરી મહેનત કરી. તેને પ્રતાપે પ્રથમ પ્રયાસે ત્રેસઠ ટકા સાથે પાસ થયા. પરિવારમાં આનંદ છવાઈ રહ્યો. (૧૯૫૬)

આ પછી તેમણે રાજકોટની ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કૉલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધો અને બીજા જ વર્ષે આર્થિક સંજોગવશાત અભ્યાસ છોડ્યો. આમ છતાં એ એક વર્ષ છેક નિરર્થક ન ગણાય, એ વખતના પ્રોફેસર ઈશ્વરપ્રસાદ જોષીપૂરાની પ્રેરણાએ રતિલાલ પર જાણે જાદુ કર્યો. એમણે કહેલું : 'બોરીસાગર તમે ખૂબ સારું લખો છો. લખવાનું ચાલુ રાખજો. મોટા લેખક થવાની તમારામાં ક્ષમતા છે. ભણજો, વાંચજો.' ફર્સ્ટ ઈયરમાં ફર્સ્ટ ક્લાસમાં પાસ થયેલા રતિલાલે આગળ ભણવાનું અરમાન છોડી દેવું પડ્યું. પિતાજી નિવૃત્ત થયા. પરિવારે આગળ ભણવાનું ચાલુ રાખવાનો અતિ આગ્રહ રાખ્યો છતાં તીવ્ર મનોમંથન પછી, કુટુંબ આર્થિક બાબતે ખેંચાઈ ન રહે તેટલા ખાતર રતિલાલે આગળ ભણવાનું તત્કાળ થંભાવી દીધું અને એકસ્ટર્નલ અભ્યાસ કરીને પૂરું ભણતર ભણવાનો નિર્ણય કર્યો.

અને અઢાર વર્ષની ઉંમરે ગામમાં જ પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી સ્વીકારી લીધી. બાળકો છેવટ લગીનું ભણે તેવી તીવ્ર ઇચ્છા ધરાવતા પિતાજીને રતિલાલે ખાતરી આપી : 'બાપુજી, હું મારી લાઈનમાં છેલ્લી ડિગ્રી સુધી ભણીશ'; ને એ રતિલાલ એમ.એ. સુધી નહીં, પીએચ.ડી. સુધી ભણ્યા (૧૯૮૯).

પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવવામાં રતિલાલને બહુ આનંદ આવતો, એમ થતું કે પગારરૂપે કંઈ ન મળે તોય આ મજા પડે એવું કામ છે. તેમણે ત્રણ વર્ષ પ્રાથમિક શાળામાં ભણાવ્યું.

૧૯૬૨માં રતિલાલ એસ.ટી.સી. થયા. ૧૯૭૦માં વિશેષ યોગ્યતા સાથે બી.એડ્. થયા. ૧૯૭૧માં આર્ટસ્ કૉલેજમાં અધ્યાપક થયા.

- અને અણધાર્યો વળાંક! કૉલેજમાં બે વર્ષ ભણાવ્યા પછી ૧૯૭૪માં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં એકેડેમિક સેક્રેટરી તરીકે જોડાયા.

રતિભાઈએ શિક્ષક અને અધ્યાપક તરીકે

અનુભવ્યું કે શિક્ષકનો એક એક શબ્દ વિદ્યાર્થી ઉપર ઊંડી અસર કરે છે. તેઓ પાઠ્યક્રમમાં ભણાવવામાં આવતી જાણીતી સાહિત્ય કૃતિઓ, નવકથાઓની કથાઓ, ૮ થી ૧૧ ધોરણ સુધીમાં વધારાનાં તાસમાં ઓછામાં ઓછા એકવાર તો કહેતાં જ. શાળામાં એમની માંગણી ખૂબ વધી જતી. મહિનામાં ૨૦-૨૫ દિવસ તો ૮-૮ તાસ લેતા.

રતિભાઈના વર્ગશિક્ષણ દરમિયાન શિસ્તનાં કોઈ પણ પ્રશ્નો જ ઊભા ન થતા. રતિભાઈએ શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થીને મારવાનું તો દૂર પણ એમને અપમાન લાગે તેવા શબ્દો કે ઊંચા અવાજે ક્યારેય વાત પણ કરી નથી.

કૉલેજનાં વર્ગોમાં તો ૧૫૦ વિદ્યાર્થીઓ હોય તો પણ એમનો વર્ગ શાંત હોય! વિદ્યાર્થીઓને વાત કે મસ્તી કરવાનો વિચાર ન આવે. રતિભાઈ માને છે : ‘અધ્યાપક વિદ્યાર્થીઓને રસતરબોળ ન કરી દે તો એમને વર્ગમાં તોફાન કરવાનું સૂઝે જ નહિ.’

રતિભાઈએ કુલ ૧૬ વર્ષ શિક્ષણકાર્ય કર્યું. ત્રણ વર્ષ પ્રાથમિક શાળામાં, દસ વર્ષ ગર્લ્સ હાઈસ્કૂલમાં અને પછી ત્રણ વર્ષ કૉલેજમાં ભણાવ્યું.

૧૯૭૪માં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં એકેડેમિક સેક્રેટરી (વર્ગ-૧) તરીકે જોડાયા. બે દાયકા પછી ૧૯૯૫માં નાયબ નિયામક (શૈક્ષણિક) તરીકે બઢતી થઈ. અને ૧૯૯૮માં વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા.

પાઠ્યપુસ્તક મંડળની કારકિર્દીમાં રતિભાઈએ અવલોકન કરતાં એમને ઈતિહાસમાં એક વાત ખૂંચી. તે એ કે ધોરણ પાંચમાં અંગ્રેજોના આગમનથી શરૂઆત થાય, અને ધોરણ-૬માં અંધકાર યુગ આવે, ધોરણ-૭ માં સ્વાતંત્ર્ય સંગ્રામ આવે.

આથી આપણાં કુમળી વયના બાળકો દેશની મહાન સંસ્કૃતિ વિશે કશું જાણે જ નહિ. આ બાબતે અધિકારીઓ સાથે ચર્ચા થઈ અને આદરણીય મનુભાઈ પંચોળી ‘દર્શક’ને વિષય સલાહકાર તરીકે રાખીને ધોરણ ૫ થી ૭ માં વેદ, ઉપનિષદ, રામાયણ અને મહાભારતની વાર્તાઓથી શરૂઆત કરી શક્યા.

આ ઉપરાંત એમણે પાઠ્યપુસ્તક મંડળના બે સામયિકો (પ્રત્યાયન અને બાલસૃષ્ટિ)નું સંપાદન કર્યું. પાઠ્યપુસ્તક મંડળની વહીવટી કામગીરી વચ્ચે રતિભાઈ વ્યસ્ત હતા તે માહોલમાં સાવરકુંડલામાં શિક્ષક તરીકેની તેમણે કારકિર્દી તરોતાજા રહેવા પામી હતી.

સાવરકુંડલાએ રતિભાઈને પોંખવા એવો વિચાર કવિ અંકિત ત્રિવેદીએ વહેતો મૂક્યો. એ વખતે રતિભાઈનું સાવરકુંડલામાં સન્માન કરવાની યોજના હતી. એના અનુસંધાને મિટિંગો થઈ. મોરારિબાપુના હસ્તે પોતાનું સન્માન થાય એવી ઈચ્છા વ્યક્ત કરવાની સાથે રતિભાઈએ સ્પષ્ટ કહ્યું : ‘જે રકમ તમે (સન્માન કરનારાઓ) આપશો તે તત્કાળ હું સ્વીકારીશ પણ તેમાં મારાથી (રતિભાઈથી) શક્ય ઉમેરો કરીએ તે રકમ પરત કરીશ.’ આ રકમ શિક્ષણ અને સાહિત્ય પાછળ વાપરવાની શરતે રતિભાઈએ સન્માન માટે હા પાડી. (૨૦૧૧) છેવટે સન્માન કાર્યક્રમ સુપેરે સંપન્ન થયો. બાપુના આગમનને લીધે ગામલોકો ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં જોડાયા. રતિભાઈએ તેમને અપાયેલ એક લાખ રૂપિયા સન્માનરૂપે સ્વીકાર્યા અને તેમાં ૧૧૧૧/- રૂપિયા ઉમેરીને રકમ પરત કરી.

સુખદ આશ્ચર્યની બાબત તો એ હતી કે આ ધન્ય પ્રસંગને લક્ષમાં લઈ વિદ્યાર્થીઓએ ‘અમારા

બોરીસાગર સાહેબ' નામનો ગ્રંથ પ્રકાશિત કર્યો. આ ગ્રંથમાં પૂર્વ-વિદ્યાર્થીઓએ બોરીસાગર સાહેબ સાથેનાં સંભારણાં કે પ્રસંગો લખ્યા. એ લેખો વાચતાં થઈ આવે છે કે પોતાની ૧૬ વર્ષની શિક્ષક તરીકે કારકિર્દી દરમિયાન બોરીસાગર સાહેબે જે વહાલથી વાવ્યું તે અઢળક ઊગી નીકળ્યું. જાણીતા પત્રકાર ભિખેશ ભટ્ટની સંપાદકીય સેવાઓ મળતાં ગ્રંથનું પ્રકાશન ગુજરાતનાં શિક્ષણક્ષેત્રની એક યાદગાર ઘટના લેખી શકાય, કે જેમાં દાયકાઓ પછી પૂર્વ વિદ્યાર્થીઓ પોતાના પ્રેમાળ શિક્ષકને માટે સન્માન સહિત લખે અને તેનું પ્રકાશન કરે.

આ સંસ્મરણોને અપાયેલા કેટલાંક શીર્ષકો કેવાં ચોટદાર છે! માત્ર નમૂના દાખલ 'ચશ્માળી આંખોમાં છલકાતા હેતના દરિયા.' 'સાહેબ અમારી દીવાદાંડી', 'સ્નેહી શબ્દને તમે સાર્થક કર્યો છે' 'વાત્સલયના વડલા સમાન ગુરુજી', 'વિદ્યાઋષિ પૂજયશ્રી', 'જીવનને સાર્થક બનાવવાની મથામણમાં સાહેબનો મહામૂલો સધિયારો', - આ તો શીર્ષકો દ્વારા માત્ર ઝલક! એકાદ-બે પ્રસંગો જાણવાથી ઋષિવર્ય સાંદીપનિની શિષ્યો માટેની વહાલભરી વ્યગ્રતાનો ખ્યાલ આવશેઃ

એક ભયંકર અકસ્માતમાં ગંભીરપણે ઘાયલ થયેલ અને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલ પૂર્વ વિદ્યાર્થીનાં પરિવારની જરૂરિયાતની તમામ મદદ બોરીસાગરસાહેબ અને તેમના પરિવારે પૂરી પાડી હતી. તે વિદ્યાર્થી લખે છે, ''સાહેબનાં પત્ની સુશીલાબેન દવાખાને ખબર પૂછવા આવે, ને પાછાં જાય ત્યારે અમારાં ધોવાનાં કપડાં લેતાં જાય.''

એક વિદ્યાર્થીની યોગ્યતા હોવા છતાં તેને મેડિકલમાં પ્રવેશ ન અપાયો; ત્યારે તેને છેવટે પ્રવેશ મળ્યો ત્યાં સુધી બોરીસાગરસાહેબ તેની સાથેને સાથે રહ્યા. એ પૂર્વ વિદ્યાર્થી આજે એમ.ડી. સર્જન છે. સુરતમાં દાક્તરી સેવાઓ આપે છે.

એક વિદ્યાર્થિની લગ્ન પછી તરત વિધવા બની. તેણે પોતાની નોંધમાં જણાવ્યું છે કે 'સાહેબે વૈધવ્યમાં ખુમારીથી જીવતા શીખવ્યું છે, આથી મારા જીવનને મોટું બળ મળ્યું.'

આવા અનેક પ્રસંગો કે હકીકતોને સમાવતા ગ્રંથનું વિમોચન, જાહેર સન્માન અને પ્રશસ્તિ પ્રવચનો સાથે આ ઉત્સવ સંપન્ન થઈ ગયો - એમ માની લેવાનું હરેશ મહેતાનું મન માન્યું નહિ. તેઓ વિદ્યાર્થીપ્રિય શિક્ષક બોરીસાગર-સાહેબના ચાહક અને મોટા ઉદ્યોગપતિ છે. તેમને ઈચ્છા હતી કે થોડા પૈસા, સંસ્કાર, શિક્ષણ અને સાહિત્ય પાછળ ખર્ચવા અને સાહિત્ય પાછળ ખર્ચવા અને બોરીસાગર સાહેબની મુખ્ય બે પ્રવૃત્તિઓ શિક્ષણ અને સાહિત્ય માટે સાહેબના નામે ટ્રસ્ટ (પ્રતિષ્ઠાન) કરીએ. આમ બધા ભેગા થયા. પૂ. મોરારિબાપુના આર્શીવાદ મેળવ્યા અને પ્રતિષ્ઠાનની રચના થઈ. હરેશભાઈ મહેતાએ આર્થિક વ્યવસ્થા સંભાળી અને આ ટ્રસ્ટ ''શ્રી વિદ્યાગુરુ રતિલાલ બોરીસાગર સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન'' નું - ૨૦૧૧ માં વિધિવત્ ટ્રસ્ટ થયું. આ પ્રતિષ્ઠાનનો હેતુ સાવરકુંડલામાં અને આસપાસના વિસ્તારમાં કલા, સાહિત્ય, શિક્ષણ અને સંસ્કારની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નાગરિકના જીવન ઉત્કર્ષ માટે નાનકડો પણ તફાવત સર્જી શકાય તો તે માટેની કોશિશ કરવા મુકરર થયો.

તે અનુસાર ચારેક સન્માન પર્વો થયાં પણ

ખરાં. પણ આ પર્વોમાં વારંવાર રતિલાલ બોરીસાગરનું નામ બોલાયા કરતું હતું. એ રતિભાઈના સંકોચશીલ સ્વભાવને વધારે પડતું લાગવા માંડ્યું. આ સંકોચને લીધે એમણે બીજા પર્વથી જ સ્ટેજને બદલે સભાગૃહમાં શ્રોતાઓ સાથે બેસવાનું શરૂ કર્યું. આમ છતાં થોડા મનોમંથન પછી વિચાર-રત્ન લાધ્યું કે સંસ્થા વ્યક્તિનિષ્ઠ નહીં, વિચારનિષ્ઠ થવી જોઈએ. આથી પ્રતિષ્ઠાનના નામમાંથી પોતાનું નામ દૂર કરવું જોઈએ એ જરૂરી લાગ્યું.

એમણે આ વિચાર વિદ્યાર્થીઓ અને કેટલાક આગવાનો કે કાર્યકરો સમક્ષ વ્યક્ત કર્યો. સૌએ ના-મરજી સાથે પૂ. મોરારિબાપુ કહે તેમ કરવા ઈચ્છા દર્શાવી. રતિભાઈએ પૂ. બાપુને આ બાબતે પોતાનો વિચાર પત્ર દ્વારા જણાવ્યો. પૂ. બાપુની સંમતિ મળી, આમ છેવટે રતિભાઈએ ટ્રસ્ટના નામ, 'વિદ્યાગુરુ શ્રી રતિલાલ બોરીસાગર પ્રતિષ્ઠાન'માંથી પોતાનું નામ વિધિસર દૂર કરાવી દીધું.

આવા વિરલ કોક! આજની વ્યક્તિપૂજાની હોડમાં સાચો શિક્ષક જ પોતાના નામને દૂર કરવાની નિઃસ્પૃહતા દર્શાવી શકે. હવે આ નવું ટ્રસ્ટ 'વિદ્યાગુરૂ ફાઉન્ડેશન' નામે શરૂ થયું. (૨૦૧૩) તેનાં દ્વારા વ્યાપક સમાજોપયોગી દિશામાં ડગલું માંડાયું. આ નવરચિત ટ્રસ્ટ દ્વારા સમાજને આરોગ્યક્ષેત્રે સેવા આપતી નિઃશુલ્ક અદ્યતન હોસ્પિટલનો આરંભ થયો. અહીં સારવાર અર્થે આવનાર દર્દીઓને દવા, રિપોર્ટસ, ઓપરેશન વગેરે તમામ પ્રકારની સેવા એક પૈસોય લીધા વગર (નિઃશુલ્ક) પૂરી પાડવામાં આવે છે, ખરેખર, વિદ્યાર્થીઓના પ્રેમના પ્રકાશમાં શિક્ષણનો પડછાયો પણ કેટલો લાંબો હોઈ શકે છે!

પાઠ્યપુસ્તક મંડળમાંથી નિવૃત્ત થયા પછી એમનું કાર્ય - સાતત્ય થંભ્યું નથી. એમણે વિવિધ નિમિત્તે સાહિત્યક્ષેત્રનાં નવેક ગ્રંથોનું સંપાદન કે તેમાં સહયોગ કર્યો, ધોરણ ૮, ૯, ૧૧, ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં ગુજરાતી વિષયનાં સલાહકાર રહ્યા, નિવૃત્તિ પછી તેઓ ગુજરાતી સામયિક 'અખંડ આનંદ'ના છ વર્ષ (૧૯૯૯-૨૦૦૫) સહતંત્રી રહ્યા.

સેવાનિવૃત્તિ પછી રતિલાલ બોરીસાગરે ગુજરાતી સાહિત્ય પરિષદના 'માતૃભાષા કૌશલ્ય અભ્યાસક્રમ'ના વર્ગોમાં અધ્યાપન કર્યું. તેઓ હાલમાં લેખન-પ્રવૃત્તિઓ ઉપરાંત ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ સંચાલિત 'માતૃભાષા સંવર્ધન કેન્દ્ર'માં ભાષા શુદ્ધિના વર્ગોમાં માર્ગદર્શન આપે છે.

સાહિત્યકાર-સવિશેષ હાસ્ય લેખક રતિલાલ બોરીસાગરનું પ્રદાન એમના કેટલાંક પુરસ્કૃત પુસ્તકોનાં નામો દ્વારા જાણીએ, 'મરક-મરક', 'આનંદલોક', 'એન્જોયગ્રાફી', 'તિલક કરતાં ત્રેંસઠ થયાં', 'જ્ઞ થી ક સુધી', 'ભજ આનંદમ્', 'અમથું અમથું કેમ ન હસીએ', 'ૐ હાસ્યમ્' અને હજુ કલમ તો ચાલે જ છે! હાસ્યક્ષેત્ર ઉપરાંત બાળકો માટે મહાભારત કથાઓ અને બકોર પટેલની વાતોની લ્હાણ કરી છે. તેમ જ બાળ ઉછેરનું પુસ્તક 'બાલવંદના' પણ નોંધપાત્ર છે.

સાહિત્ય તેમજ શિક્ષણક્ષેત્રનાં સમીક્ષકોએ એમના સાહિત્યનાં પ્રદાનને મૂલવીને વખતોવખત વિવિધ સન્માન અને એવોર્ડ એનાયત કરેલ છે. જેમ કે ધનજી કાનજી સુવર્ણચંદ્રક (૨૦૦૨), ચંદ્રકાંત અંજારીયા શિક્ષણ એવોર્ડ (૨૦૦૨), સચ્ચિદાનંદ એવોર્ડ

સન્માન (૨૦૧૧), ઘનશ્યામદાસ સરાફ સર્વોત્તમ સાહિત્ય પુરસ્કાર (૧૯૯૭), ડાહ્યાભાઈ પટેલ સાહિત્ય સુવર્ણ ચંદ્રક એવોર્ડ (૨૦૧૧), શ્રી વિદ્યાગુરૂ રતિલાલ બોરીસાગર સાંસ્કૃતિ પ્રતિષ્ઠાન નિમિત્તે સન્માન.

આજીવન શિક્ષક, ઘડિયાળ સામે જોયા વગર હાથ ધરેલા કામો પૂરાં કરીને અન્ય સમાજઉપયોગી કાર્યોમાં પરોવાય જાય છે. જીવનને એક ઉત્તમ શિક્ષક માનતા આ એક હેતાળ શિક્ષક વિદ્યા અને આનંદના ઉપાસક છે. એમણે બચપણમાં પોતાના સંતોકમા પાસે વાર્તા ''આનંદી કાગડો'' વારંવાર કહેવડાવેલી. એ સાંભળીને તે પોતે શિક્ષક તેમજ સાહિત્યકાર તરીકે આનંદમૂર્તિ જ બની રહ્યા છે. આસ્થાભાવથી જીવનને ધન્ય કરવાનો અને સાર્થક સેવા કરવાનો સંદેશ આપતા સદા-આનંદી શિક્ષક રતિલાલ બોરીસાગરને નિરામય દીર્ઘ આવરદાની કામના સાથે આપણા વંદન!

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૨ થી ચાલુ)

ઔપચારિક શિક્ષણ પૂર્ણ થાય ત્યાં સુધીમાં વિદ્યાર્થી પોતે જ વ્યાખ્યા બાંધી દે છે. આ ડૉક્ટર છે. વ્યાખ્યાઓના ચોકઠામાં બંધાયેલી વ્યક્તિમાં સ્વતંત્રતાની જાગૃતિ હોતી નથી. તેના મન અને આત્મા અપરિપક્વ હોય છે કેમ કે વ્યક્તિ પોતે એક પરિઘમાંથી બહાર આવી શકતી નથી. પ્રવર્તમાન શિક્ષણ મસ્તિષ્કકેન્દ્રી છે. એ સિવાયની બાબતોના શિક્ષણની અવગણના કરે છે આ બાબત ગાંધીજીના મન-હૃદય અને આત્માની કેળવણીને સમાંતર છે. માત્ર મનની કેળવણી પર્યાપ્ત નથી. આવું શિક્ષણ એકાંગી છે. આ શિક્ષણપૂર્ણ નથી. આવું શિક્ષણ વ્યક્તિને વિકૃતિ તરફ લઈ જાય છે. સાચું શિક્ષણ શારીરિક, માનસિક અને સાંવેગિક એમ સર્વ પ્રકારનો વિકાસ કરે તેવું હોવું જોઈએ. ફક્ત પ્રચાર-માહિતી, પ્રચૂર શિક્ષણ ઉપયોગી થતું નથી. આધુનિક શિક્ષણવિદ્દો પણ હવે બાળકના સંપૂર્ણ વ્યક્તિત્વનો વિકાસ થાય એવા શિક્ષણ ઉપર ભાર મૂકે છે.

આજના શિક્ષણમાં પરિવર્તન લાવી શકાય એવો આશાવાદ વ્યક્ત થયો છે. શિક્ષણમાં જરૂરી પરિવર્તનો લાવીને વિદ્યાર્થીને પોતાનું વ્યક્તિત્વ વિકસાવવાની પુરતી તકો આપી શકાય. વિદ્યાર્થી અયોગ્ય સ્પર્ધામાંથી હિંસાથી બચાવી શકાય અને પોતાનામાં રહેલા સત્ય પ્રમાણે વ્યક્તિત્વનો વિકાસ કરી શકાય. વિદ્યાર્થી પડકારોનો સામનો કરી શકે તેવું શિક્ષણ આપવું જોઈએ. સ્નાતક થયેલ વિદ્યાર્થી જીવન જીવવાની સાચી કલા શીખીને બહાર આવવો જોઈએ. તેની પાસે અનુભવોનું પૂરતું ભાથુ હોવું જોઈએ. પરંતુ તેમ છતાં વિદ્યાર્થી સતત અન્વેષક બનવો જોઈએ, સત્યશોધક બનવો જોઈએ.

શિક્ષણનું લક્ષ્ય રોજબરોજનું જીવન જોઈએ. શિક્ષણ સાંપ્રત જીવન સાથે સંકળાયેલું હોવું જોઈએ. સંસ્થાઓમાં વાતાવરણ જીવંત લાગવું જોઈએ. અતીત કે ભવિષ્યની ચિંતા કર્યા વિના શિક્ષણના પ્રવર્તમાન સમય પર ધ્યાન આપવું જોઈએ.

શિક્ષણવિદ્દોના મતે શિક્ષણ એટલે વ્યક્તિના ભીતરમાં પડેલી ઉત્તમ બાબતો બહાર લાવવી. આજનું શિક્ષણ બહારની ઘણી બાબતો બળપૂર્વક વિદ્યાર્થીના માથે નાખે છે. પરિણામે ભીતરમાં રહેલું ઉત્તમ વેરવિખેર થઈ જાય છે.

શિક્ષણનું ધ્યેય, લક્ષ્ય વ્યક્તિમાં રહેલ 'શ્રેષ્ઠ'ને બહાર લાવી તેનું વ્યક્તિત્વ સ્વતંત્ર અને ભિન્ન રીતે ઘડે તેવું જોઈએ.

# દક્ષિણને છેડે

- કાકાસાહેબ કાલેલકર

આપણે સૌ દેશની નદીઓની પરિસ્થિતિથી ચિંતિત છીએ. દેશની તમામ નાની-મોટી નદીઓને કિનારે શહેરીકરણ થયું છે. શહેરની ગંદકી નદીઓમાં ઠલવાય છે. ડેમને કારણે પર્યાવરણનું સંતુલન પણ ખોરવાયું છે. ત્યારે અમને કાકાસાહેબ કાલેલકરના નદી ઉપરના નિબંધો યાદ આવ્યા. ''જીવનલીલા'' માં કાકાસાહેબે ભારતની નદીઓનો પરિચય જુદા જ દૃષ્ટિકોણથી કરાવ્યો છે. અમે આ નિબંધો ક્રમશઃ પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો છે. જે ઘરશાળાના વાચકોને જરૂર ગમશે.

- તંત્રી

ધનુષ્કોટીમાં હું પહેલવહેલા વીસ વરસ પહેલાં આવેલો. મને સ્મરણ છે ત્યાં સુધી શ્રી રાજાજીએ મારી સાથે શ્રીવરદાચારીને મોકલ્યા હતા. વરદાચારી રામાયણના ભક્ત. આખા રસ્તે રામાયણની જ રસિક વાતો ચાલી હતી. અમે ધનુષ્કોટી પહોંચ્યા અને વરદાચારીનો સનાતની આત્મા શ્રાદ્ધ કરવાને તલસવા લાગ્યો. એક યોગ્ય બ્રાહ્મણને શોધી કાઢી તેઓ એ વિધિમાં મશગૂલ થયા અને બાકીના અમે સામસામે ઘૂઘવતા રત્નાકર અને મહોદધિની ભવ્ય શોભા જોવાને છૂટા થયા.

બે નદીઓના સંગમ અથવા પ્રયાગ અનેક ઠેકાણે જોવાને મળે છે. સંગમનું કાવ્ય આર્યોનાં ભેજાં કે હૈયાં સુધી પહોંચે એટલે એમને ત્યાં યજ્ઞયાગ કરવાનું સૂઝવાનું જ. યજ્ઞયાગ માટેના આવા પ્રકૃષ્ટ અથવા પ્રશસ્ત સ્થાનને પ્રયાગ કહે છે.

બે નદીઓ મળે ત્યારે મોટે ભાગે અંગ્રેજી Y જેવી આકૃતિ થાય છે. મહારાષ્ટ્રમાં કહ્નાડ પાસે બે નદીઓ સામસામે આવીને મળે છે અને પછી કાટખૂણામાં એક બાજુએ વહે છે. અંગ્રેજી T જેવી પાંચ કાંઠાની એની આકૃતિ થાય છે. બે નદીઓ સામસામી આવીને એકબીજીને બાથમાં લે છે માટે એને પ્રીતિસંગમ કહે છે.

ગંગાને જ્યાં યમુના મળે છે ત્યાં પણ લગભગ જેવો જ આકાર થાય છે. માત્ર એમાં ગંગા સીધી જાય છે અને યમુના કશા આગ્રહ વગર, અને કંઈક સંભ્રમ સાથે ગંગાને મળે છે.

યમુના પ્રથમ તો [illegible] દેખાય છે. પણ એકવાર ગંગાને મળી એટલે બંને બહેનો ઉલ્લાસના ઉન્માદમાં આવી જાય છે અને જો એકબીજામાં ઝટ મળી ગયાં તો મળવાનો આનંદ ત્યાં જ મટી જશે એ બીકે દૂર દૂર સુધી બંને ઓછીવત્તી મળ્યા જ કરે છે. ધર્મકવિઓએ એ સ્થાનને પ્રયાગ-રાજનું ગૌરવભર્યું નામ અમસ્તું નથી આપ્યું.

પણ જ્યારે કોઈ નદી સાગરને મળે છે ત્યારે એ સાગર-સરિતા-સંગમનો ઉન્માદ શિવપાર્વતીના મિલન જેવો અદભુતરમ્ય હોય છે. એનું વર્ણન ભક્તવૃત્તિથી અથવા સંતાનની ભાષામાં ન જ થઈ શકે. માણસે પોતે માણસ છે એ ભૂલી જઈ પોતાની શક્તિ કરતાં પણ ઊંચે ઊઠી સાગરસરિતાના એ અ-સમાન સંગમનું વર્ણન કરવું રહ્યું.

પણ ધનુષ્કોટીમાં તો વિષ્ણુ અને મહાદેવના

મિલન જેવો બે સમુદ્રનો સાગરસંગમ છે. રત્નાકર માનાર (Manar)ની બાજુથી આવે છે. મહોદધિ પાલ્ક (Palk)ની સામુદ્રધુનીનો પ્રતિનિધિ છે. એ બંનેને ઝટ મળવા કેમ દેવાય? પૃથ્વીએ જાણે રામધનુષ્યની કમાનદાર કોટી આડી મૂકીને એ બેને મળતા એક કોશ સુધી રોક્યા. આ તરફ રત્નાકર ઊછળે છે અને પેલી તરફ મહોદધિ ગરજે છે અને પવન સૂચવે તેમ પોતપોતાના પ્રવાહ દોડાવે છે.

અને શી આ બે જણની સંતલસ! મહોદધિ જો લીલો રંગ ધારણ કરે તો રત્નાકર સાવ નીલો થાય છે, અને જ્યારે રત્નાકર પર લીલાશ ચડે છે ત્યારે મહોદધિ આકાશને પણ દીક્ષા આપી શકે એવો ઘેરો નીલો રંગ રેલાવી દે છે.

મળવાની ઇચ્છા હોવા છતાં મળાતું નથી એમ જ્યાં સુધી લાગે છે, ત્યાં સુધી બંને જણા ધૂંઆપૂંઆ થાય છે. ક્ષણે ક્ષણે નવો અમર્ષ બતાવે છે... પણ એક વાર મળવાની છૂટ થઈ ગઈ એટલે જાણે કશી જ ઉત્સુકતા હતી નહીં. મળવું હતું અને મળી ચૂક્યા, એવી શાંતિ અને સહજતા મોઢા પર રાખીને બંને મળી લે છે. અસ્વસ્થતા જાણે દૂર પાછળ મૂકી દીધી હોય એવી રીતે પાણીને તળિયેથી આગળ વધેલા રેતીના બાંધને કારણે ઊછળતાં મોજાંઓની બે હાર દૂર દૂર દેખાય છે. એક હાર મહોદધિ તરફ ફેલાયેલી હોય છે અને બીજી રત્નાકરની અંદર. પણ જ્યાં વચલા પ્રદેશમાં એ બે જણનું પ્રત્યક્ષ મિલન થાય છે, ત્યાં તો સરોવરની શાંતિ જ ફેલાયેલી હોય છે અને એમાં આશ્ચર્ય શું? અદ્વૈતમાં આનંદની પરિસીમા હોઈ શકે છે પણ ત્યાં ઉન્માદને સ્થાન ક્યાંથી?

ધનુષ્કોટીને છેડે ઊભા રહીને એક વાર ગોળ ચક્કર ફરી જોવું જોઈએ. જ્યાંથી ચાલીને આવ્યા એટલી જમીનની જીભ બાદ કરીએ તો બધે મહાસાગરના વિશાળ પાણીનું ક્ષિતિજ સાથે બનતું વલય જ જોવાને મળે છે.

રંગૂન કે કરાંચી જતાં મધદરિયે ચારે કોર સમુદ્રવલય અને ક્ષિતિજવલય એક થઈ જાય છે. એનો કેફ ઓછો નથી હોતો. પાણીના આ ક્ષિતિજવિસ્તાર ઉપર આકાશનું એટલું જ મોટું પણ અનંતગણું ઊંચું ઊંડું ઢાંકણું રાખેલું છે અને એ દાબડેશ્વરમાં એક નાનાકડા જહાજમાં બેઠા '[illegible] [illegible]' - આપણે, મોતીની પેઠે સંઘરવામાં આવ્યા છીએ એવી કલ્પના ઊઠ્યા વગર રહેતી નથી. પણ જેમ જેમ વધુ વિચાર કરીએ તેમ તેમ પોતાની તુચ્છતા મન પર વધારે ને વધારે ઠસે છે.

ધનુષ્કોટીનું એવું નથી. પૃથ્વી સાથે આપણે અનુબદ્ધ છીએ, પગ તળે મજબૂત જમીન છે, અને એ જમીન ધીમે ધીમે વિસ્તાર પામીને એક વિશાળ દેશ અને ખંડ તરફ લઈ જઈ શકે છે એ ખ્યાલ આપણને આશ્વાસન આપે છે એટલું જ નહીં પણ પ્રચંડ આત્મવિશ્વાસના અધિકારી બનાવે છે. ધનુષ્કોટીને છેડે જેટલી વાર પહોંચ્યો છું તેટલી વાર મને માણસ તરીકેના આત્મગૌરવનું ભાન વિશેષપણે થયું છે અને તેથી ત્યાં હું મારી 'ભૂમિકા' ઉપર મજબૂત રહીને સાગરની ઉપાસના કરી શક્યો છું.

જ્યારે જ્યારે મંડપ છોડીને પૂલ ઉપર થઈને પામબન પહોંચ્યો છું, ત્યારે ત્યારે 'રઘુવંશ'માં લખેલું કાલિદાસનું આ પ્રદેશનું વર્ણન યાદ આવ્યા વગર રહેતું નથી. કાલિદાસની વર્ણનશક્તિ ભલે મારી પાસે ન હોય, પણ હું એનો સમાનધર્મા છું. એ વિશે મનમાં જરાયે

શંકા રહેતી નથી. હું ક્યાં [illegible] છું કે કાલિદાસ સાથે પોતાનું નામ દેતાં સંકોચ કરું? - મને હસનારા ટીકાકારોને એમનું જ વચન સંભળાવી દઈશ.

[illegible]

પણ જ્યારે ધનુષ્કોટી પાસે આવું છું ત્યારે કાલિદાસને ભૂલી જાઉં છું, અને લંકા શી રીતે જવાશે એની મથામણમાં પડેલા હનુમાનની નજરે દક્ષિણ તરફ જોવા માંડું છું. જે જે વાનર-યૂથ-મુખ્યોએ સેતુની કલ્પના કરી અને અમલમાં મૂકી તેમની નજરે તલાઈમાનારની દિશાએ જોવા માંડું છું અને એ રીતે કલ્પના દોડાવીને થાક્યા પછી ચાર ધામની યાત્રા પૂરી કરી રામેશ્વર પહોંચેલા વૃદ્ધ યાત્રીઓનું હૃદય ધારણ કરી કલ્પના કરું છું કે ''એક આખી જિંદગી લગભગ પૂરી કરી ભારતવર્ષ જેટલા જ વિશાળ જીવનપ્રદેશને ફરી વળ્યો. હવે પાછા જઈને શું કરવું છે? ઇહલોકનું કામ જેવુંતેવું પૂરું થયું. સફળતા મળી કે વિફળતા, પણ ફરી એ ને એ જ જીવન ઘૂંટવું નથી. હવે તો એ આખું જીવન પીઠ તરફ રહે એ જ સારું. પાછા વાળીને એને જોવાનો સ્મરણ-રસ પણ રહ્યો નથી. હવે તો સાંપરાયનો, પરજીવનનો પરમાર્થપણે વિચાર કરવામાં જ શ્રેય છે.'' એવી વિચારપરંપરા મનમાં ઊઠી. મન એક રીતે અસ્વસ્થ બને છે અને બીજી રીતે પરમ ઉપશમ અનુભવે છે.

એ ફેરે જ્યારે ધનુષ્કોટી આવ્યો, ત્યારે પરંપરાને અનુસરીને મહોદધિમાં સ્નાન કર્યું. મહાસાગરનું ક્ષમાપન પણ કર્યું. પણ મનમાં તો એક જ વિચાર આવ્યો કે આ સ્થાને હવે ફરી આવવાનું નથી. સિલોનમાં કોક વખતે જવું છે, પણ ધનુષ્કોટીનાં જે દર્શન કર્યાં તે તો છેવટનાં જ. આમ કેમ લાગ્યું તે કહેવું મુશ્કેલ છે. પણ ધરાયાનો વિચાર આ જ વખતે મનમાં ઊઠ્યો ખરો.

૨

રામેશ્વર, - ધનુષ્કોટી પછી કન્યાકુમારી. એક સ્થાન ભવ્ય તો બીજું ભવ્યતર. અહીં બે નહીં પણ ત્રણ સાગરનો સંગમ છે. એ સંગમનું વાતાવરણ અભેદભક્તિના આનંદ જેવું છે. આ અહીં હિંદી મહાસાગર પૂરો થાય છે, અને અહીં મુંબઈનો એટલે કે પશ્ચિમ સમુદ્ર અને અહીં બંગાળનો પૂર્વ સમુદ્ર શરૂ થાય છે એમ તો કહેવાય પણ નહીં અને મનાય નહીં. અહીં ભારતવર્ષનો દક્ષિણનો છેડો છે અને ત્રણે સાગર એને ત્રણે બાજુએથી વીંટળાઈને પડ્યા છે. સંગમ તો આપણે કહીએ. સાગર માટે અહીં સંગમ જેવું કશું જ નથી. સંગમની કલ્પના આપણી છે. સાગરોને પૂછીશું તો તેઓ કહેશે કે જે ભેદને હસ્તી જ નથી એ મટી ગયાની વાત પણ શી રીતે કરાય? 'સંગમ'ની કલ્પના સાવ ભૂલભરેલી છે. કહેવું જ હોય તો એને 'સંભવન' કહો. જ્યાં એકતા જ છે ત્યાં ગમે તે ભાગને ગમે તે નામ આપી શકો છો. નામ અને રૂપનું દ્વૈત અહીં મોળું પડે છે, ઓગળી જાય છે અને પછી નર્યું અદ્વૈત જ પોતાની અખંડ મસ્તીમાં ઘૂઘવે છે.

કન્યાકુમારીમાં જે ભવ્યતા મેં અનુભવી છે, તેવી ભવ્યતા એક હિમાલયને છોડીને અને ગાંધીજીના જીવનને છોડીને મેં અન્યત્ર ક્યાંય અનુભવી નથી.

કન્યાકુમારીનું મહત્ત્વ પહેલવહેલું મેં ગાંધીજીને મોઢે જ સાંભળેલું. તેઓ ભાગ્યે જ દશ્યોનું વર્ણન કરવા બેસે છે. પણ

કન્યાકુમારીથી પાછા આશ્રમમાં આવ્યા પછી એમણે એ સ્થાનનું ઉત્સાહભર્યું વર્ણન મારી આગળ કરેલું.

જ્યારે '૨૭ની સાલમાં, એમની સાથે દક્ષિણ હિંદુસ્તાનની મુસાફરી મેં કરી, ત્યારે નાગર-કોવિલ અવતાંવેંત એમણે પોતાના યજમાનને ખાસ ભલામણ કરી કે 'કાકાને કન્યાકુમારી જવું છે. મોટરનો બંદોબસ્ત કરો.' તે દિવસે એમણે બે વાર તપાસ કરી કે કન્યાકુમારી જવાની ગોઠવણ બરાબર થઈ કે નહીં.

પૂ. બાને લલચાવતાં મને જરાય મુશ્કેલી નહીં પડી. બીજાં બે જણ પણ સાથે થઈ ગયાં.

જે દૃશ્યો વિશેનાં વખાણો પૂ. બાપુજીને મોઢે સાંભળ્યાં હતાં તે દૃશ્ય જોવાની ઉત્કંઠા મારામાં ગળાબૂડ વધી હતી. અહીં આવ્યા પછી તો એનો કેફ જ ચડ્યો. ત્યાર પછી જેટલી વાર અહીં આવ્યો છું તેટલી વાર ફરી ફરી એ ને એ જ કેફ ચડે છે.

અને આશ્ચર્ય એ કે એ કેફ સાથે બ્રહ્મચર્ય વિશેના પણ ઊંડા વિચારો મનમાં ઊઠ્યા વગર રહેતા નથી. દેવી કન્યાકુમારીનું આ સ્થાન છે એ ખ્યાલને લીધે એવા વિચારો મનમાં ઊઠે છે એમ મને લાગતું નથી; કોઈ કાળે મને એવું લાગ્યું નથી. સ્વામી વિવેકાનંદે આ સ્થાને એ જ કેફ અનુભવ્યો હતો એ માહિતીને કારણે પણ કોઈ કાળે મનમાં અહીં આવતાંવેંત બ્રહ્મચર્યના વિચાર ઊઠ્યા નથી. ગાંધીજીની ભવ્યતાની ભવ્ય સાધના સાથે પણ એ વિચાર જોડાયો છે એમ નથી. પણ સ્વયંભૂપણે એ વિચાર મનમાં ઊઠે જ છે.

આ વખતે (૫-૧-૧૯૪૭) ત્રીજી વાર અહીં આવ્યો છું. આવતાંવેંત સૌથી પહેલાં સમુદ્રનાં મોજાં, આકાશનાં વાદળાં, પૂર્વપશ્ચિમની ક્ષિતિજ અને પાછળના ડુંગરા - બધાં સ્નેહીઓ જોઈ લીધાં.

આજે પોષનો મહિનો છે અને સુદ તેરસની તિથિ છે. આજે ચંદ્ર રોહિણીમાં કે મૃગમાં હોવો જોઈએ. અમે મોટરને વેગે કટકે કટકે, કન્યાકુમારી તરફ દોડતા હતા ત્યારે જ ચંદ્ર આકાશમાં ઊંચે ઊઠીને ટાંપીને બેઠો હતો કે સૂરજ આથમે કે તરત, વગર વિલંબે, આકાશનો કબજો લઈ લઉં. સંધ્યાને પોતાનો વર્ણવિલાસ પાથરવાનો એણે ઝાઝો અવકાશ આપ્યો નહીં છતાં પણ જેટલો વખત મળ્યો તેટલામાં સંધ્યાએ રંગોનાં અનેક દૃશ્યો બતાવી તો દીધાં જ.

સૂર્યાસ્ત જોવાની ઘણી અભિલાષા હતી પણ પશ્ચિમનાં વાદળાંઓએ જરાક ઠપકો આપતાં અમને કહ્યું, ''કોઈનો અસ્ત જોવા માટે તલસાતું હશે? ખરું જોતાં સૂર્યનો અસ્ત થતો જ નથી. તમારા પૂરતો પ્રકાશનો અસ્ત થાય છે. એને માટે સૂરજને જોવાં કરતાં ઉદય કે અસ્ત બંને પ્રસંગે એ જે એકરૂપતા ધારણ કરે છે તેનો રંગ જ કેમ ના જોઈ લો?

उदये सविता रक्तो रक्तश्चास्तमने तथा
संपत्तौ च विपत्तौ च महताम् एक-रूपता

આ શ્લોક વાદળાંઓએ પણ નાનપણમાં મોઢે કરી રાખ્યો હશે!

સૂરજ જ્યારે ક્ષિતિજની તળે ગયો ત્યારે વાદળાંના બાકોરાંમાંથી સૂર્યપ્રકાશનાં લાલ મયૂખો ઉપર સુધી ફેલાયાં. અને ઉપર ફેલાયાં એના કરતાં દક્ષિણ અને ઉત્તર તરફ વધારે ફેલાયાં. બાકોરાં ઘણાં ન હતાં પણ જે હતાં તે મોટાં હતાં. તેથી કિરણનાં મયૂખો જાણે લાલ

રંગના પટા ખેંચ્યા હોય એવાં થયાં હતાં અને આકાશ પોતાના વૈભવમાં ભારેખમ દેખાતું હતું. આ શોભા ધાર્યા કરતાં સહેજ વધારે ટકી તેથી એને જ જોયા કરવાનું મન કંઈક તૃપ્ત થયું.

જ્યાં કુમારીના ન-થયેલાં-લગ્નના અક્ષત વેરાયા છે, એ બાજુના ખડક ઉપર મોજાંઓનું તાંડવ જોવા અમે જઈને બેઠાં. જોતજોતામાં સંધ્યા પશ્ચિમમાં વિલીન થઈ અને ચંદ્રનું રાજ્ય શરૂ થયું. વાદળાંઓએ આકાશને ઘેરી લેવાનો મનસૂબો પૂરો કર્યો ન હતો. એટલામાં દક્ષિણનાં વાદળાંમાંથી એક મોટો તારો ચળકવા લાગ્યો. એ બીજો કોણ હોઈ શકે? એ તો અગસ્તિ મહારાજ પોતે દક્ષિણ-પૂર્વ દિશા પર આરૂઢ થતા હતા. સદ્ભાગ્યે યમુના અને યામમત્સ્ય પણ ત્રાંસી લીટીમાં આકાશમાં દેખાયા. દક્ષિણ દિશાનું ધ્યાન કર્યાનું ફળ મળ્યું. સંતુષ્ટ થયેલી આંખે અમે ઉત્તર તરફ નજર ફેરવી. ત્યાં આકાશમાં દેવયાની (કૅસિયોપિયા)નો M ઉપર સુધી ચડ્યો હતો. એના તળે લગભગ ક્ષિતિજ પર એક તાડ જેટલી ઊંચાઈએ એ તાડના પાંદડાનું જ આસન બનાવી ધ્રુવકુમારે અમને પોતાનાં સુભગ દર્શન દીધાં. દેવયાનીને અને ધ્રુવને જોતાં જોતાં નજર પશ્ચિમ તરફ વળી, ત્યાં હંસે કહ્યું કે શ્રવણ તો ક્યારના આથમી ગયા છે. એટલે પૂર્વ તરફ નજર ફેરવી. ત્યાં બ્રહ્મહૃદયે કહ્યું કે બ્રહ્મમંડળનો વિસ્તાર આટલામાં જ ક્યાંક હોવો જોઈએ.

અમે ફરી દક્ષિણ તરફ મોઢું ફેરવ્યું. અગસ્તિ એટલો બધો ઊંચો આવ્યો ન હતો કે એની ઝૂંપડીની કલ્પના કરી શકાય. પણ વ્યાધ તો દેખાવો જ જોઈએ. પણ વ્યાધ ગમે તેટલો તેજસ્વી હોય તોય વાદળાંના જાડા પડને એ શી રીતે વીંધી શકે? અમે અમારી નજરે વાદળાંઓનું પડ વીંધવાનો પ્રયત્ન કર્યો, એટલે શંકા ગઈ કે વાદળાંઓમાં અમુક ભાગ ઊજળો દેખાય છે એની પાછળ જ વ્યાધ હોવો જોઈએ, વાદળાંની પેલી પાર વ્યાધનો પ્રકાશ અને આ પાર અમારી નજર - બંનેના હુમલાથી વાદળાં પાતળાં પડ્યાં અને પાતળા પડદા પાછળ નાટકનાં પાત્રો આછાં દેખાય તેવી રીતે વ્યાધ દેખાવા લાગ્યો. જોતજોતામાં વ્યાધ પૂર્ણ રીતે છતો થયો અને પછી વ્યાધ, અગસ્તિ, યમુના અને યામમત્સ્યની શોભા તેલુગુ અક્ષરોની શિરોરેખા જેવી દેખાવા લાગી.

હમણાં મૃગ દેખાશે, રોહિણી ચળકશે, પ્રશ્વન ડોકિયું કરશે. એમ આશાએ આકાશ તરફ અમે તાકતાં હતાં એટલામાં રજનીનાથે પોતાની આસપાસ કૂંડાળું ફેલાવ્યું અને એ સુવર્ણ-વલય સાથે આકાશમાં વાદળાંઓ પણ વધ્યાં. આકાશમાં ચંદ્રિકા ફેલાઈ હોય તોય શું? રાતનાં વાદળાં બહુ ધ્યાન આકર્ષી શકતાં નથી. એટલે અમે કાળાંમેશ સમુદ્રનાં ગંભીર જળ ઉપર નાચતી ધોળા ફીણની ચળકતી લીટીઓની હારો જોઈને જ આંખોને ઉજાણી આપી.

સમુદ્રનાં જળ ઉપર અને આકાશનાં વાદળાં પર વિવિધ રંગના નાચ ધરાઈને જોયા પછી આ ગંભીરતા એટલી તો તૃપ્તિદાયક લાગતી હતી કે એ તૃપ્તિ સાથે સ્થિતપ્રજ્ઞનો આદર્શ ગાવામાં અને સંધ્યાની ઉપાસના સાધવામાં અનેરો આનંદ ઉદ્ભવ્યો. આ સાગર પૂર્ણ છે. એના પર ફેલાયેલું આ આકાશ પૂર્ણ છે. એ બેના દર્શનથી જીવનની સંધ્યાસમયે હૃદયમાં ઉદ્ભવેલો અમારો ઉપશમપ્રધાન આનંદ પણ પૂર્ણ છે. હવે એ ત્રિવિધ પૂર્ણતામાંથી ગમે તે કાઢી લઈએ કે ઉમેરી દઈએ, પૂર્ણત્વમાં કશી

ઊણપ આવવાની નથી. મેળવેલી પૂર્ણતા ખૂટી શકે છે, કેમ કે એ ખરી પૂર્ણતા જ નથી. કેળવલી પૂર્ણતા સ્થાયી છે, કેમ કે એ વારસા સાથે જ આપણે જન્મ્યા હતા. ત્યાં સુધી પહોંચતાં વાર લાગી એ જ ઊણપ. જે કેળવી તે આત્મસાત્ થઈ. હવે ત્યાંથી ચડવા-ઊતરવાપણું છે જ નહીં.

જે વિરાટ છે, ભૂમા છે, બૃહત્તમ છે, તેની સાથે એકરૂપ થયા પછી જે જીવન સ્વાભાવિકપણે જીવાય છે તે જ ખરું બ્રહ્મચર્ય છે. વાસના દબાવી દીધી તો તે કોક વખતે ફરી ઊછળવાની, વાસના મારી નાખી તો તે ભૂતની પેઠે પજવતી રહેવાની. વાસનાને તૃપ્ત કરવાના ઘાટ ઘડ્યા તો તે વ્યસનની પેઠે અખંડ વળગવાની અને વધવાની. વાસનાઓને વધાવી લીધી તો માથે એનું ચક્કર ભમ્યા જ કરવાનું. વાસનાને તો સામે થઈને પૂછવું જોઈએ કે તું કોણ છે? મિત્રના રૂપમાં શત્રુતા કરવા આવી છે કે જીવનને સમૃદ્ધ કરવાની સાધના તરીકે આવી છે? વાસના જ્યાં સુધી સ્પષ્ટ અને ઉઘાડી થઈ નથી ત્યાં સુધી જ મોહક હોય છે. મોહ અસ્પષ્ટતાનો હોય છે, એકાંગી દર્શનનો હોય છે. વાસનાને વશ થવામાં મુખ્ય મદદ આંધળાપણાની જ હોય છે. વાસનાનો-આંધળો વિરોધ પણ એને મજબૂત જ બનાવે છે. બે આંખે જોવાથી વાસનાને ઓળખી ન શકીએ. એને, મહાદેવની પેઠે, ત્રણ આંખે જોવી જોઈએ, પછી એની શત્રુતા એની મેળે ઓગળી જાય છે.

વાસનાનો સામનો કેવળ તપસ્યાથી નથી થઈ શકતો, જ્યારે પ્રજ્ઞા સ્થિર થયા પછી વાસનાનો વિરોધ જ નથી કરવો પડતો.

જીવનમાં જ્યાં સુધી અપૂર્ણતાનું ભાન છે, ત્યાં સુધી બ્રહ્મચર્ય સિદ્ધ થયું ન ગણાય. અપૂર્ણતા પોતે બાધક નથી. બાળકમાં અપૂર્ણતા ક્યાં ઓછી છે? એ નિર્મળ ભાવે જીવતું જાય છે અને એની અપૂર્ણતા સ્વાભાવિક ક્રમે મટતી જાય છે. અપૂર્ણતાનું ભાન આવ્યું કે તરત માણસ પામર થાય છે. સાગરની પેઠે પૂર્ણ થયા પછી મોજાંઓ ગમે તેટલાં ઊછળે, પાણીનો જથ્થો ગમે ત્યાં દોડે પણ સાગરને વહેવાપણું નથી. [illegible] એ છે તેથી જ એને પોતાની માઝા મૂકવાનું હોતું નથી. એને મર્યાદાનું ભાન જ ન હોવાથી એનાથી એ અનાયાસે, અભાવિતપણે પળાય છે. એ જ ખરું બ્રહ્મચર્ય.

પ્રાર્થના પૂરી કરી અને છેલ્લા ચાર દિવસનાં સંસ્મરણો નોંધી રાખવાની ઊર્મિ જાગી. થોડીક નોંધ કર્યા પછી જ ઊંઘ આવી શકી.

બીજે દિવસે બ્રહ્મમુહર્તે ભૂતની પેઠે સમુદ્રકિનારે જતાં જતાં ફરી આકાશ તરફ જોયું. દક્ષિણ દિશા એટલી બધી સાફ, સુંદર અને પારદર્શક હતી કે પૂર્વ તરફ ભેગાં થયેલાં વાદળાંઓની મનમાં ચીડ જ ચડી. એ જો દક્ષિણનું અનુકરણ કરત તો એમનું શું બગડત?

દક્ષિણે ત્રિશંકુ બરાબર ઊભો હતો. જયવિજય એના દ્વારપાળનું કામ કરતા હતા. કૅરીના અથવા ખોટો ક્રૂસ એક બાજુ પર જઈને પડ્યો હતો. એ બે વચ્ચે કેટલાક એવા તો સુંદર તારા ચળકતા હતા કે વર્ધા મુંબઈ તરફના લોકોને આખા જન્મારામાં જોવાને નહીં મળે.

ઉત્તર તરફ સપ્તર્ષિ સાવ નમ્રપણે ફેલાયા હતા. ધ્રુવ રાતની પેઠે લગભગ જમીનને અડવા આવ્યો હતો. સ્વાતિ અને ચિત્રા માથે ચળકતાં હતાં. હસ્ત સહેજસાજ વાંકો થયો હતો. પશ્ચિમે ચંદ્ર આથમ્યો હતો પણ ચંદ્રિકા હજી પોતાની

હસ્તી જણાવતી હતી. પુનવર્સુના હોડકામાંથી ફક્ત પ્રશ્વન જ વાદળું વીંધીને ડોકિયું કરતો હતો. અટૂલો તારો પોતાના એકાકી સ્વભાવ પ્રમાણે પ્રશ્વન અને મઘા સાથે કટ્ટી કરીને દૂર જઈને ઊભો હતો! મઘાનું દાતરડું ફાલ્ગુનીના ચોરસને સાચવતું હતું. પૂર્વ તરફ વિશાખા તળે ગુરુ, શુક્ર શોભતા હતા અને એ બંને ઠીક ઠીક ઊંચા આવેલા હોવાથી પાતળી અનુરાધા, વાંકી જયેષ્ઠા અને અણિયાળૂ મૂળ એમને આધાર આપતા હતા. ગુરુ, શુક્ર જ્યારે પારિજાત પાસે આવે છે ત્યારે એ ત્રણેની સરખામણી સરસ થાય છે અને મંગળ પાસે ન હોવાનું દુઃખ નથી રહેતું.

હિંદુસ્તાનની એક જ્યોતિર્મયી વ્યાખ્યા મને સૂઝી છે. જો કન્યાકુમારીની દક્ષિણે આપણે ગયા તો ધ્રુવ દેખાતો બંધ થાય અને જો કાશ્મીરની ઉત્તરે ગયા તો દક્ષિણે અગસ્તિ દેખાય જ નહીં. એટલે મેં વ્યાખ્યા બાંધી છે કે જ્યાંથી ધ્રુવ અને અગસ્તિ બંને દેખાઈ શકે તે જ આપણો ભારત દેશ છે.

પ્રાર્થના પછી બધાં પ્રાણીઓને કરવું પડતું ઉદરભરણ નામનું યજ્ઞકર્મ ધરાઈને કર્યું અને નાહવા માટે તૈયાર કરેલા કુંડમાં અમે ઊતર્યા. આ નવી ઢબે બાંધેલા કુંડમાં સમુદ્રનું પાણી અખંડ આવ્યાં કરે છે. અર્ધો કુંડ ચાર ફૂટ ઊંડો છે, બાકીનો આઠ ફૂટ. કપડાં બદલવા માટે બે ઓરડીઓ પણ બાંધેલી છે. આવી સુઘડ વ્યવસ્થા ધાર્મિક પુણ્યને ઓછી કરનારી ન જ ગણાવી જોઈએ. નાહીને અમે કન્યાકુમારીને દર્શને ગયા. આ મંદિર ત્રાવણકોરના હિંદુ રાજ્યમાં આવેલું હોવાથી હરિજનો માટે ક્યારનું ખુલ્લું થયું છે. મંદિરને બારણે સરકારનું જાહેરનામું છે કે જેઓ જન્મે કે ધર્મે હિંદુ છે તેટલા જ બધાને આ મંદિરમાં પ્રવેશ છે.

મંદિરનું સ્થાપત્ય સાદું પણ પ્રશસ્ત છે. પથરાના થાંભલા ઉપર છત તરીકે આડા પથરા જ મૂકેલા હોવાથી અંદરથી આખું મંદિર ભોંયરાનો ખ્યાલ આપે છે. દેવીની મૂર્તિ ઉગમણી દિશા તરફ જુએ છે. પણ એ બાજુનો બહારનો દરવાજો બંધ હોવાથી દેવીને સમુદ્રનું દર્શન થતું નથી. અને સમુદ્રને દેવીનું દર્શન થતું નથી! બિચારા બંગાળ સાગરે કોઈ કાળે દાવો કર્યો નથી કે તે પોતે જન્મે કે ધર્મે હિંદુ છે! અને સમુદ્ર હોઈ એનાથી માઝા મૂકી મંદિર પ્રવેશ કરાય નહીં.

કન્યાકુમારીની કથા કરુણ છે. અહીંના કિનારા પર વેરાયેલી અક્ષત જેવી ધોળી મોટી રેતી, માણેકના ચૂર જેવી લાલ રેતીનો ગુલાલ અને શાહીચૂસ તરીકે વપરાતી કાળી રેતી, એ બધી પ્રાકૃતિક વસ્તુઓ એ કરુણ કહાણીને વધારે કરુણ કરવામાં મદદ કરે છે. જો દુનિયામાં બધાં જ મહાકાવ્યો કરુણાંત હોય છે તો હિંદી મહાસાગરની અધિષ્ઠાત્રી દેવી કન્યાકુમારીની કથા પણ કરુણાંત હોય એ જ ઉપપન્ન છે! કરુણ રસમાં જે ઊંડાણ હોય છે તે દ્વારા જ જીવનની પ્રતીતિ થઈ શકે છે.

दुःखं सत्यं सुखं माया: दुःखं जन्तोः परं धनम्

दुःखं जीवन-हृद्गतम्

છીછરું જીવન માને છે કે સુખ એ જ જીવનની અનુભૂતિ છે, જીવનનું સારસર્વસ્વ છે. એ ભ્રમણા ભાગવાનું કામ દુઃખને સોંપવામાં આવ્યું છે. દુઃખથી પરાસ્ત ન થતાં જે માણસ દુઃખને જીવનની સાધના તરીકે સ્વીકારે છે તે જ સુખદુઃખથી પર જઈને જીવનસમૃદ્ધિનો આનંદ માણી શકે છે. એ આનંદ સુખદુઃખાતીત હોઈ સાગર જેવો ગંભીર અને આકાશ જેવો અનંત હોય છે.

એ આનંદના ભાગ્યમાં કોઈની સાથે વિવાહબદ્ધ થવાનું લખાયું નથી.

# શિક્ષણના પાયાનો મુખ્ય ઉદ્દેશ

- ડૉ. ગિરીશ આઈ. પટેલ

'વેલ્યુ બેઝ એજ્યુકેશન' સંસ્કારો અને મૂલ્ય આધારિત શિક્ષણની ચર્ચા ભારતના શિક્ષણ જગતમાં વારે વારે થાય છે .તેમાં પ્રાથમિક શાળાથી ઉચ્ચ શિક્ષણના તમામ ક્ષેત્રોમાં બાળકોમાં સંસ્કારનું સિંચન થાય, મૂલ્યોનું ઘડતર થાય તેવા અભ્યાસક્રમો ઘડવા, વિદ્યાર્થીઓમાં સંસ્કારો મૂલ્યોનું સિંચન થાય તે શિક્ષણ પ્રક્રિયાનો મુખ્ય પાયાનો હેતુ છે. જે શિક્ષણ પ્રક્રિયાને પ્રગતિ આપે છે.

વર્તમાન આધુનિક સમાજ સાચા ધર્મથી વિમુખ થતો જાય છે. આવા સમાજમાં પરિવારના સંબધો ઘટતા થયા છે. પરિવારમાંથી મળતી સુટેવો, શિક્ષણ વગેરેનું મૂલ્ય ઘટ્યું છે. પરિણામે શિક્ષણનું સર્વ કાર્ય સરકારના હાથમાં આવ્યું છે. આવું શિક્ષણ યંત્રવત્ બને છે જે માનવને સંવેદનશીલ બનાવતું નથી. મનુષ્યને મનુષ્યથી દૂર લઈ જાય છે. પરિણામે જીવનમાં સ્વછંદતાનું આગમન થાય છે. પાયાનું સાચું શિક્ષણ કુટુંબમાંથી શરૂ થાય છે. કુટુંબમાં શીખેલી બાબતોનું પરિમાર્જન શિક્ષણ સંસ્થાઓમાં થવું જોઈએ. પરંતુ આજનું સમાજજીવન અને શિક્ષણ સંસ્થાઓ એમાં ઊણાં ઉતરી રહ્યા છે.

આપણી શિક્ષણ વ્યવસ્થામાં વિદ્યાર્થી નથી પણ પરીક્ષાર્થી છે. પરીક્ષામાં લખાયેલ લખાણ વમનથી વધારે કશું જ નથી. એને જીવન સાથે કોઈ જ લેવા-દેવા નથી. શિક્ષણનું કેન્દ્ર વિદ્યાર્થીને કેટલું યાદ રહે છે તે ના હોવું જોઈએ, પણ તેને નવું કરવાની વાંચવાની બુદ્ધિ ખીલે, આકાંક્ષા અંદરથી જાગે એવું હોવું જોઈએ. શિક્ષણના કેન્દ્રમાં જીવનને આવકારવાનું વિદ્યાર્થીના માનસ નવીન વિચારનું હોવું જોઈએ, નહિ કે અભ્યાસક્રમ પ્રમાણે શીખેલા જ્ઞાનને અભિવ્યક્ત કરવાનું. આપણા મહાન આદર્શો મહાન વ્યક્તિઓને ધ્યાનમાં લઈને બનાવાય છે. પરંતુ રાત-દિવસ એકાગ્રતાપૂર્વક ખૂબ ધ્યાન રાખીને જૂતાં સીવતાં મોચીને ક્યારેય ધ્યાનમાં લેવાતો નથી. સંતાનોને મહામહેનતે બીજાના જેવા બનાવવા પ્રયત્નો કરવામાં આવે છે. જેનાથી બાળક 'સ્વ' થી દૂર થઈ જાય છે અને તેનું નિજત્વ ત્યાં જ શૂન્ય થઈ જાય છે. અંત આવે છે. ખીલેલા ફૂલને આદર્શ માની શીખવવામાં આવે તો દરેક બાળક ખીલી ઊઠે. સામાન્ય જીવન અને આસપાસના વાતાવરણની સચ્ચાઈથી આપણા પાઠ્યપુસ્તકો જોજનો દૂર છે.

આપણું શિક્ષણ 'થોડામાં ઘણું' એમ શીખવાડે છે. સંતોષ એટલે પૂર્ણવિરામ - ફાનસના અજવાળાનો અસંતોષ એટલે વિજળીના બલ્બની શોધ. જગતની પ્રત્યેક શોધ કે વિકાસના મૂળમાં અસંતોષ રહેલો જ છે. થોડી પ્રાપ્ત બાબતો વ્યક્તિને તનમનથી ગરીબ બનાવે છે. નિયતિના પાયા વગરની દલીલો અંધવિશ્વાસના વિકૃત સ્વરૂપે નહોતી. આપણું શિક્ષણ સંતોષબોધ આપનારું છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૪ ઉપર)

# પથિક તારે વિસામાના દૂર દૂર આરા

- જશીબેન નાયક

સરસ્વતી વિદ્યામંડળના પ્રમુખ અને ઘરશાળાના તંત્રી મુ.શ્રી. જશીબેનની નવેમ્બર માસમાં જન્મ જયંતી છે. મુ. શ્રી. જશીબેનના લખાણની વિશિષ્ટતાએ છે કે તેઓશ્રી હંમેશા તેમના શિક્ષણના વિચારો વાર્તા દ્વારા રજૂ કરે છે. વાર્તામાં શૈક્ષણિક વિચાર અને સંદેશને શોધવાનું કામ વાચક ઉપર છોડે છે.

પ્રસ્તુત લેખમાં સામાજિક રૂઢિ અને માનવમનનું મંથન રજૂ થયું છે. આશા છે, વાચક માટે પણ લેખ/વાર્તા વિચાર પ્રેરક બની રહેશે.

- તંત્રી

રતનપુર એક નાનું ગામડું છે. વસ્તીમાં સૌ એકબીજાને ઓળખે. ગામને સીમાડે એક નાનું શંકરનું મંદિર, એક કૂવો અને કૂવા અને મંદિરની વચ્ચે એક ઘટાદાર વૃક્ષ. પાદરને છેડે આવેલા મંદિર, વૃક્ષ અને કૂવા એ ભારતનાં ગામડાંની એક વિશિષ્ટતા છે. આ ત્રણેય રતનપુરને જાણે રૂપાળું બનાવતા હતા.

મંદિરથી એક નાનકડો રસ્તો વસતી તરફ જતો હતો. ''મા, આ સૂરજદાદા જાય તે વખતે એના રંગો આપણા ગામડાંને કેવું રૂપાળું બનાવે છે નહીં, મા?'' માની સાથે સાથે ચાલવાનો પ્રયત્ન કરી રહેલી શ્યામલી માને પ્રશ્ન પૂછતી હતી. ''હા, બેટા, સંધ્યાટાણે આપણું આ નાનું ગામ એવું તો વહાલું લાગે કે જાણે બીજે ક્યાંય આવી સુંદર જગ્યા જ નહીં હોય.'' મા બોલી. ''અને મા આ જોને! ગાયોનું ધણ આપણી પાસેથી ચાલી જાય ને એના ગળા ઉપર બાંધેલી ઘંટડી કેવા સરસ મીઠા અવાજો કાઢે છે. અને મા જોતી ખરી! આ ગાયો જ્યારે ચાલે છે ત્યારે એના પગ નીચે ઝીણી ઝીણી ધૂળ ઊડે છે ને! એ તો જાણે જોયા જ કરવાનું મન થાય. ગાય માતાને જાણે ધરતી માતા વહાલ ન કરતી હોય?'' મા હસી પડી. ''શ્યામલી, તું તો જાણે મોટી થઈને કાંઈક બનવાની હોય ને એવું બોલે છે. પણ ચાલ હવે ઘરે પહોંચીએ. તારા બાપા આવે એ પહેલાં ખાવાનું બનાવી કાઢીએ.'' ''પણ મા ચાલી જતી ગાયોની પગની ધૂળ તો ક્યાંય સુધી યાદ આવ્યા જ કરે છે હોં.'' ''જો બાજુના ગામેથી તારા બાપા આવી ગયા લાગે છે. આપણી ખડકીમાં મૂકેલાં છાણાં લઈ તું જા. હું તરત અંદર આવું છું.'' માએ ચૂલો સળગાવ્યો બાપાએ ઘરમાં પ્રવેશ કર્યો. દોડીને શ્યામલીએ બાપાને પૂછ્યું, ''બાપુ, તમે જાવ છો એ ગામમાં કે શહેરમાં આ ગાયો ઘર ભણી આવે ત્યારે પગ નીચે ધૂળ ઊડતી હોય? નાની નાની ઘંટડીના અવાજ આવતાં હોય? એવું બધું હોતું હશે?'' દીકરીના પ્રશ્નથી બાપુ ખુશ થયા. ''તું તો ખૂબ ભણવાની લાગે છે હોં.'' મનમાં ને મનમાં ખુશ થતા પિતા બોલ્યા. માએ રસોઈ તૈયાર કરી. થોડીવાર પછી માતા-પિતા અને દીકરી ગરમ ગરમ રોટલો અને શાક જમતા હતા અને વાતો કરતા હતા.

''દીકરી શ્યામલી, આપણું ગામ નસીબદાર છે કે મેટ્રિક સુધી આપણને શાળા મળી છે અને

શિક્ષકો ઘણા સારા પણ છે. એટલે તારે તો શાળાનું ભણતર પૂરું થાય ત્યાં સુધી ખૂબ સરસ ભણવાનું છે.'' બાપુએ શ્યામલીના માથા ઉપર હાથ ફેરવ્યો.

''હા બાપુ, તમે કહેશોને એટલું હું જરૂર ભણીશ.'' જમતાં જમતાં એ બાપુ પાસે ગઈ. મા રૂખી કહે કે મારી શ્યામલી તો ભણીને નોકરી કરે એવી મારી પણ ઈચ્છા છે.

''પણ બાપુ, આ તમે રોજ જુદા જુદા ગામે કેમ જાવ છો?'' શ્યામલીએ પૂછ્યું. ''શ્યામલી,'' મા બોલી, ''તારા બાપુ છે ને એ ગામડે જઈને કોઈને ત્યાં લગ્ન, જનોઈ, તો કોઈની ગણપતિ પૂજા એવી ધાર્મિક વિધિઓ કરાવે છે અને કોઈ ગુજરી જાય તો એને માટે પણ વિધિઓ કરાવવા જાય છે.'' શ્યામલીને થોડી સમજણ પડી, થોડી ન પડી. પણ બીજા ગામે બાપુ કામે જાય છે અને અમારું ઘર ચાલે છે એટલી સમજણ પડી.

આમ એક નાનકડી ઓરડીમાં ત્રણેયનું જીવન શ્રમ કરીને સુખેથી ચાલતું હતું. એક દિવસ શ્યામલી કહે, ''મા, આ બાપુ કોઈવાર સાંજે-અંધારે મોડા ઘરે આવેને ત્યારે મને બહુ ન ગમે. આપણી ગાયો પણ ધૂળ ઊડાડતી ઘરે આવીને બેસી જાય પણ બાપુ આવ્યા ન હોય ત્યારે મને ન ગમે હોં માં!'' મા કહે, ''હું પણ મોડું થાય ત્યારે તારી જેમ રાહ જોયા કરું છું.'' ''પણ તને ખબર છે મા, હવે તો મને લખતાં, વાંચતાં અને ગણિત કરતાં આવડી ગયું છે. હું તો રજા પછી શાળા ઉઘડેને ત્યારે સાતમીમાં આવી જઈશે.'' ''અરે વાહ! મારી દીકરી સાતમામાં આવી ગઈ હશે.'' મા એ પોતાની ખુશી વ્યક્ત કરી.

સાતમાનાં વર્ષ દરમિયાન બે ત્રણ વાર બાપુ ગામડેથી આવ્યા ત્યારે કોઈવાર તાવ લઈને આવતા તો કોઈવાર માથુ દુઃખી આવતું. શ્યામલી માથું દબાવી આપતી ત્યારે બાપુ પૂછતા કે દીકરી તું બરાબર ભણે છે ને? આમ વચ્ચે વચ્ચે બાપુની માંદગી વધવા લાગી. બાપુ માંદા પડે ત્યારે શ્યામલીનો જીવ બહુ મૂંઝાય. બાપુ ગામડે જાય ત્યારે તે માને કહેતી કે ચાલને મા કોઈ શહેરના સારા ડૉક્ટર પાસે બાપુને લઈ જઈ બતાવીએ.

અઠવાડિયામાં કોઈવાર ગામને રસ્તેથી બસ પસાર થાય ત્યારે ગામનાં છોકરાંઓ બસ આવી બસ આવી એમ કરીને બસને દોડતાં જોવાં જાય, એ શ્યામલીને યાદ આવ્યું. તેણે કહ્યું, ''કોઈકવાર આવતી બસના કંડક્ટર કાકા બહુ સારા છે તે અમારી સાથે વાતો પણ કરે છે. અમે એમને બોર આપીએ. એ અમને સીંગ આપે. કોઈવાર બાપુને લઈને શહેરમાં જવું હોય તો એ કંડક્ટરકાકાને કહેવાય હોં મા!'' આમ બાપુની માંદગી વિશે વિચારો ચાલ્યા કરતા. છ-આઠ મહિના થયા હશે ગામડેથી બાપુ આવ્યા ત્યારે ખૂબ તાવ હતો. અઠવાડિયું બાપુ માંદા રહ્યા અને પછી એક દિવસ ઊઠ્યા જ નહીં.

બાપુનું ચાલી જવું એ મા અને દીકરી બંનેને માટે અસહ્ય હતું. શ્યામલીને બાપુની ખોટ એવી તો લાગતી અને મન જ્યારે સહન ન કરી શકતું ત્યારે એ એકલી એકલી બાપુની સાથે વાત કરતી. તો કોઈવાર પોતાના ખાટલા પાસે બાપુનો ખાટલો ખસેડીને લઈ આવતી અને કહેતી કે બાપુ ચિંતા ન કરતા ડેલીએ તાળું મારી દીધું છે. ઠંડી ના લાગે તે માટે તમારા પગ આગળ ચાદર મૂકી છે હોં બાપુ. મને કહેજો હું ઓઢાડી દઈશ. આમ શ્યામલી બાપુ

વિનાના જીવનમાં દીવાસ્વપ્નમાં જીવતી. પતિની ખોટ અને શ્યામલીનો પિતા વિનાના જીવનનો અનુભવ રૂખી માટે અસહ્ય હતો. રોજ સવારે બંને પોતાને મજબૂત કરવાનો સંકલ્પ કરતાં પણ સાંજ પડે આંખમાં આંસુ તો વહ્યાં જ જાય. સમય એક જ એવી વસ્તુ છે જે ઘાને રૂઝાવે છે. મા દીકરીને આવા વિચારો કરી બાપુને યાદ કરવાની આદત પડી ગઈ અને ધીરે ધીરે રડવાને બદલે બાપુને ખૂબ વહાલ અને પ્રેમથી યાદ કરતા. બાપુની જગ્યાએ બાપુનાં સ્મરણો એમનાં હૈયાંને ઠારતાં. આમ આખુંય જીવન વહેતું રહ્યું. તેણે મનમાં બાપુને એક ઉચ્ચસ્થાને સ્થાપ્યા હતા. એ ઉચ્ચસ્થાને સ્થાપેલા બાપુના દર્શન કરી તેમનું જીવન વીતતું.

આમ જીવનનો પ્રવાહ આગળ વધી રહ્યો હતો.

પડોશમાં રહેતા લીલાબેન એક વખત રૂખી બેન પાસે આવ્યા અને કહે, ‘‘રૂખીબેન, તમારી દીકરી શ્યામલી હવે જુવાન બની ગઈ છે. એને માટે સારો મુરતિયો શોધવાનો સમય હવે પાકી ગયો છે.’’ રૂખીબેનની આંખમાં આંસુ આવી ગયાં. તેને સાડલાના છેડાથી લૂછી લીધાં. ‘‘રૂખીબેન, શ્યામલીના બાપુ હોત તો તે પણ આવું મારા જેવું જ વિચારત.’’ લીલાબેને કહ્યું શ્યામલીના શિક્ષક કહેતા, ‘‘રૂખીબેન, શ્યામલી દસમીમાં આવી ગઈ છે. દસમી પછી જ શ્યામલીના હાથ પીળા કરવાનું વિચારોને.’’ ‘‘પણ ભાઈ, આ અમદાવાદમાં મારા ભાઈએ એક સારો છોકરો શોધી કાઢ્યો છે. હું તો વિધવા એટલે સારો છોકરો મળે તો લંબાવવાનું મને યોગ્ય લાગતું નથી.’’ રૂખીબેન વ્યથિત હ્રદયે બોલ્યા.

આમ શ્યામલીનાં લગ્ન નક્કી થયાં. અને હોંશિલા શિક્ષકે એસ.એસ.સી.ની પરીક્ષા આપવાનું ફોર્મ પણ ભરાવ્યું. પરણીને શ્યામલી પોતાના ઘેર અમદાવાદ આવી. થોડા દિવસમાં જ શ્યામલીને થયું કે પતિનો સ્વભાવ ખૂબ સારો છે, પરંતુ  કમાવાની આવડત બહુ ઓછી છે. સમજુ શ્યામલીએ એક દિવસે સાંજે એના પતિને કહ્યું કે તમે નાનાં-મોટાં કામો કરો, નહીં તો પછી હું કાંઈક કામ કરું. ઘર કેવી રીતે ચાલશે. પતિ હસતો અને કહેતો કે તો ચાલ આપણે બન્ને કમાઈએ. તું મારા કરતાં હોંશિયાર છે. આથી તું વધારે કમાઈ શકીશ. આમ, શ્યામલીનાં લગ્નજીવનનાં સાતેક વર્ષ વીતી ગયાં અને તે ત્રણ બાળકોની માતા બની ગઈ.

માને છોડીને અમદાવાદ તો આવી, પરંતુ મનમાં ગણગણતી, ‘‘મા બિચારી એકલી કેવી રીતે રહેતી હશે? એની સાથે કોણ વાતો કરતું હશે?’’ માતા સાથેનાં સ્મરણોએ એને મનથી અકળાવી દીધી. તે પોતાના પતિને કહેતી, ‘‘મારા પિતા જીવતા હોત તો કેવું સારું થાત! અત્યારે એ ઘરમાં બિચારી સાવ એકલી છે. માને છોડીને આવ્યાં પછી તો તેને પપ્પા ખૂબ યાદ આવે છે. આજે જો પિતા હયાત હોત તો મમ્મીની યાદ મને આકરી ન લાગત. મમ્મીની યાદ મને મૂંઝવતી નહોત. અને હવે, મારા પપ્પા મારે મન તો એક અવતાર જેવા હતા. મારી મમ્મીને એમણે કદીયે અળગી કરી ન હતી. આવા પ્રેમાળ પપ્પા આજે મારી મમ્મી સાથે નથી એનું દુઃખ મારા મનને કોરી ખાય છે. કોઈકવાર મનમાં એમ થાય છે કે મારા પપ્પા આ દુનિયા છોડીને ચાલ્યા ગયા છે, એ

સ્વપ્ન હોય તો કેવું! સ્વપ્ન પૂરું થયે હું જાગી જાઉં અને મમ્મી-પપ્પાને સાથે બેઠેલા જોઉં તો?'' પતિએ હસીને કહ્યું, ''અરે, ગાંડી, હવે તો તારા પિતા નથી એ વાતને સ્વીકાર તો ખરી.'' પછી તેઓ બન્ને ક્યાંય સુધી મૌન રહ્યા. પરંતુ પતિ આખરે બોલ્યો, ''શ્યામલી, મા એકલી છે અને પિતાનું સ્મરણ, આ બન્ને વાત તને કોરી ખાય છે એ હું જોઈ શકું છું. આપણે મમ્મીને અમદાવાદ લઈ આવીએ તો?'' શ્યામલીના મોં ઉપર ચમક આવી ગઈ. એવું થાય તો તો ઈશ્વરની મોટી કૃપા. આમ તેમ થોડી ઘણી ઓળખાણો કાઢતાં કાઢતાં શ્યામલીની માતા રૂખીબેનને અમદાવાદના પૈસે સુખી એવા એક કુટુંબમાં નોકરી મળી. મા રૂખીબેન અમદાવાદ આવી ગયાં. બે-ત્રણ દિવસ થાય અને શ્યામલી તેના પતિ સાથે માને મળવા જાય. શ્યામલીનો સમજુ સ્વભાવ અને કામ કરવાની ખંત એવી તો હતી કે એ જ્યાં કામ કરતી એ કામ જોઈને પડોશના લોકો એને પોતાના ઘરે રસોઈ કરવા બોલાવવા લાગ્યા. પતિમાં કામ કરવાની આવડત ઓછી છે, એવી સમજણ સાથે તે એક પછી એક બીજા કામો સ્વીકારતી ગઈ. ઘરે આવે અને પૂછે કે તમે માની ખબર કાઢી આવ્યા હતા? હું નથી જઈ શકતી તો તમે જતા હો તો મને ચિંતા ઓછી ને? તે દિવસથી શ્યામલીના પતિ શ્યામલીની માની ખબર કાઢવા બે-ચાર દિવસે જવા લાગ્યા. આમ, પતિ-પત્ની વચ્ચે ખૂબ મીઠાશ અને શાંતિ છવાઈ ગઈ. સમય જતાં શ્યામલીને એક સરસ મજાનો દીકરો અવતર્યો.

''તું જરા મારી પાસે બેસ તો, મારે તને એક વાત કહેવી છે.'' પતિએ શ્યામલીને કહ્યું, ''હા, હા વાત કરોને. હું રસોઈ કરું છું.'' ''ના, તું મારી પાસે બેસ. હું તને અગત્યની વાત કરવા માંગું છું.'' ''બોલો, લો શું છે?'' તે પતિની પાસે આવીને બેઠી. પતિ કહેવા લાગ્યો, ''જો, તું ખૂબ ધીરજથી મારી વાત સાંભળજે. હમણાં હમણાં તારી મમ્મી, હું મળવા જાઉં છું, ત્યારે ઘેર હોતી નથી. કોણ જાણે ક્યાં જાય છે? આજે સવારે ગયો ત્યારે એના પડોશી કહે કે તારી મમ્મી એક ભાઈની સાથે કાંઈક ખરીદવા ગઈ છે.'' શ્યામલી બોલી, ''હું પણ એક વખત મારી મમ્મીને મળવા ગઈ હતી ત્યારે પણ એ નહોતી. અને પડોશમાં રહેતાં બહેન બોલ્યાં કે તારી મમ્મી માટે તને એક નવા સમાચાર મળશે.'' એનો પતિ બોલ્યો, ''હવે તારી વાત બંધ રાખ અને મારી વાત સાંભળીશ? ધીરજથી મારી વાત હવે તું સાંભળજે. ગુસ્સો કરતી નહીં. પડોશવાળાએ કહ્યું તેમ તારી મમ્મી કોઈની સાથે બહાર ગઈ છે એ વાતથી તને ગુસ્સો આવે છે? આપણી જ ન્યાતના ભાઈશ્રી મહેન્દ્રભાઈ સાથે તે બહાર ગઈ છે એ બધું હું જાણું છું. એ ભાઈને પાંચ બાળકો છે અને પત્ની ગુજરી ગયાં છે. એ રોજિંદા જીવનમાં ખૂબ મુશ્કેલી અનુભવે છે. એ ભાઈના એક દોસ્તે તેમને તારી માતા રૂખીબેન સાથે સહજીવન જીવવા સમજાવ્યા. મહેન્દ્રભાઈએ ખૂબ વિચાર્યું અને પછી તે સ્વીકાર્યું. તારી માતા રૂખીબેને પણ તે સ્વીકાર્યું છે. આ વાત સાંભળતાં સાંભળતાં તો, ''ઓ પપ્પા રે... હું શું કરીશ? આજે તમે મને ખૂબ યાદ આવો છો, હવે તમે મારા મનની વાત સમજી શકો છો ને? તમે ગયા અને હવે તો મારી મમ્મી પણ ગઈ.'' એમ કહીને તે ખૂબ રડવા લાગી. પતિએ તેને ખૂબ સમજાવી, ''જે થવાનું છે એમાં કાંઈ જ ખોટું નથી. પાંચ બાળકોનો આ પિતા ખૂબ જ

પ્રેમાળ છે. મેં સાંભળ્યું છે કે એ તારી મમ્મીને એમ કહેતો હતો કે, ''રૂખી, તમે મારાં પાંચ બાળકોને સંભાળો, હું તમારા એક બાળકને સાંભાળીશ. તમે મારાં પાંચ બાળકની માતા બનો અને હું તમારી દીકરી શ્યામલીનો પિતા બનીશ. હું વચન આપું છું.'' ''શ્યામલી'', પતિએ વાત આગળ ચલાવી, ''આ મહેન્દ્રભાઈના અવાજ, વર્તન અને એમની સીધી સરળ વાતમાં મને તો એક સારા નાગરિકનાં દર્શન થયાં છે.'' પછી તેઓ ઘડીક મૌન રહ્યા.

શ્યામલી ખૂબ રડી. પતિ પાસેથી ઊઠી. આઘી જતી રહી. રડી રડીને થાકી ગઈ. ત્યારે એણે પોતાના પતિને કહ્યું, ''તો...તો... ત્યારે તમે પણ મારી મમ્મીને ખૂબ સાથ આપો છો, ખરું ને? આજે તો એવો ગુસ્સો આવે છે કે હું તમને છોડીને જતી રહું.'' પતિ ઊંડા વિચારમાં પડી ગયો. તે વિચાર કરવા લાગ્યો. મારા સાસુને મેં જે સાથ આપ્યો છે તે બરાબર તો છે ને? મનમાં એવો પ્રશ્ન થતાં જ મહેન્દ્રભાઈનું વ્યક્તિત્વ તેની આંખ સામે આવીને ઊભું રહ્યું. કેવો પ્રેમાળ આ વ્યક્તિ છે!! એવું જીવન જીવે છે કે એને જાણે ક્યારેય પ્રભુની પૂજા કરવી પડતી નહીં હોય. એના વ્યવહાર-વર્તન-બોલીમાં એ માનવીનાં મૂલ્યાંકનો કેવાં હોઈ શકે એવું જ મને તો દેખાય છે. ''સાંભળ્યું શ્યામલી,'' પણ શ્યામલીએ જવાબ ન આપ્યો. ''તમે બોલ્યે જ જાવને, એનો ગુસ્સો હજી શમ્યો ન હતો ''તમે ક્યાં મને પૂછીને મારી માને સાથ આપ્યો છે? તમને ઠીક લાગે એમ કરો.'' પતિ બોલ્યો, ''શ્યામલી નવા પપ્પાને મળીશ ત્યારે તને ઘણું જ સમજાશે. આજે તો તારી આંખ ઉપર માના આ નિર્ણયથી ગુસ્સાનાં પડળ આવી ગયાં છે.''

આમ દિવસો ઉપર દિવસો જવા લાગ્યા. શ્યામલીનો ગુસ્સો શમ્યો નહતો. પરંતુ ખુલ્લો વિરોધ ઓછો થયો હતો. થોડોક સમય ગયો પછી પતિએ કહ્યું, ''શ્યામલી, આજે હું માને મળવા ગયો હતો. મને જોઈને ખૂબ રડી પડ્યાં અને કહે, જમાઈરાજ, એક વખત મારી દીકરીને મારી પાસે લઈ આવો ને. તારી માનાં આંસુ લૂછતાં લૂછતાં આ પ્રેમાળ પિતાએ કહેવરાવ્યું છે કે શ્યામલીને કહેજો કે એની માની સાથે સાથે બાપ પણ મળવાની રાહ જોઈ રહ્યો છે. એને કહેજો કે હું એનો સારામાં સારો પિતા બનવાનો પ્રયત્ન કરવાનો છું અને મારા આ છઠ્ઠા સંતાનને મળવા ઝંખી રહ્યો છું. એ પળ જલદી આવે.'' પતિ બોલ્યે જતો હતો અને શ્યામલી રડ્યાં કરતી હતી. પતિને લાગ્યું કે આ વખતના શ્યામલીના રડવામાં ગુસ્સો નહતો. એ બોલ્યો, ''શ્યામલી, પરિસ્થિતિને સમજીને મા-બાપને મળવાનું રાખ તો બહુ સારું. તારી મા જેમ તને મળવા ઝંખે છે એમ પિતા તારો પિતા બનવાનો પ્રયત્ન કરી રહ્યો છે.''

આમ આ વાતે શ્યામલીના વિચારમાં વળાંક લીધો. પતિ પ્રત્યેના પ્રેમને લીધે એણે પતિની વાતમાં વિશ્વાસ મૂક્યો અને આમને આમ બે-અઢી વર્ષ વીતી ગયાં. એક સાંજે પતિ ઘર ભણી આવી રહ્યા હતા એની સાથે પિતાએ પણ ઘરમાં પ્રવેશ કર્યો.

બે-ત્રણ મિનિટ ઘરમાં મૌન છવાઈ ગયું. પહેલાં કોણ બોલશે? પણ પિતા તો આખરે પિતા જ ને! ''દીકરી શ્યામલી, આજ સવારથી જ તારી મા તને યાદ કરે છે. કારણ કે આજે તારો જન્મદિવસ છે. એક બે જન્મદિવસ તો

ગયા. પરંતુ આ જન્મદિવસે તારી મા એની ભાવનાને રોકી શકી નથી. આ સાડી અને માળા મોકલ્યાં છે અને એ તારા માતાપિતા તરફથી તને ભેટ છે. મને શ્રદ્ધા છે કે તું આ ભેટ સ્વીકારીશ.'' અને પિતાએ પાસે જઈ માથા ઉપર હાથ મૂકી આ ભેટ આપી. શ્યામલી રડતી હતી. આંખમાં આંસુઓ નદીનાં પૂરની જેમ વહી રહ્યાં હતાં. ''લે, બેટા હાથ ઊંચો કર અને આ ભેટ લઈ લે.'' આંસુ ભરેલી આંખે શ્યામલીએ ઊંચું જોયું. લાંબા સમય સુધી સંગ્રહી રાખેલ સુખદુઃખની લાગણીનો સંયમ આજે તૂટી ગયો. અને એ આંસુએ મનને ધોઈ નાખ્યું અને ઊભી થઈને શ્યામલી પિતાને પગે લાગી. પિતા બોલ્યા, ''મારા આશીર્વાદ છે બેટા. અને હવે તો કાયમ માટે હું અને તું મળવાના છીએ. એમ કાંઈ ઈશ્વર આપણને છૂટા પડવા દે તેમ નથી. તારો પિતા પાછો આવ્યો છે એમ માનજે.'' ''મારા વર્તનને માફ કરજો, પિતાજી. હું ક્યાંક ખોવાઈ ગઈ હતી. ના, મેં તમને ખોઈ નાંખ્યા હતા,'' શ્યામલી બોલી. આમ, બધાનાં હૈયાંનો ભાર આખરે ઓછો થયો અને તે દિવસથી શ્યામલીએ પોતાના પિયર જવા-આવવાનું શરૂ કર્યું. પિતા જ્યારે ગયા ત્યારે શ્યામલીએ પોતાના પતિને કહ્યું કે આવો સુખનો દિવસ લાવવા માટે તમારો આભાર જેટલો માનું તેટલો ઓછો છે. તમે તો પહેલેથી જ પિતાની સાથે હતા. હું ખોટા વિચારે ચડી ગઈ હતી. મારા માટે તમે મારા પિયરનાં દ્વારો ખુલ્લાં કર્યાં. બન્ને ઘરોમાં સુખનું વાતાવરણ છવાઈ ગયું.

આમ હવે શ્યામલીના જીવને જુદો વળાંક લીધો. પિતાના પ્રેમની ભૂખી શ્યામલીને પિતા મળ્યા. અને તેથી જીવન હર્યું ભર્યું લાગવા માંડ્યું. મા તો માંદી હતી. પરંતુ પોતાના દોહિત્રને રમાડવા પિતા વારંવાર આવતા. શ્યામલી પણ દીકરાને લઈ મા પાસે જઈ આવતી. કેવો સરસ સંયોગ હતો એ. પિતા તો જાણે શ્યામલીની પરીક્ષામાં વારંવાર પાસ થઈ જતા.

''ચાર-ચાર વર્ષથી પિતાથી દૂર રહ્યાનું દુઃખ મને થતું. પતિએ મારા પિતાને સાથ ન આપ્યો હોત તો કદાચ એ આજે પણ ન મળત.'', શ્યામલી વિચારતી. મનમાં થતો પસ્તાવો તે પતિને વારંવાર કહેતી. પતિ કહે, ''શ્યામલી, આગલો સમય માણી નથી શકી એનું દુઃખ ઓછું કર અને અત્યારે જે સુખ પ્રાપ્ત થયું છે તેને સ્વીકાર. તારી મમ્મીની સારવારમાં આ તારા પિતાએ ક્યાંય કસર કરી નથી. એનાં પાંચેય બાળકોને તારી મમ્મીએ એવાં તો સાચવ્યાં છે કે આ પાંચેય સંતાનો એને પોતાની મા માને છે. તારે હવે છઠ્ઠું બાળક બની જવાનું છે.'' આમ, પતિ શ્યામલીનાં મનમાંથી પશ્ચાતાપ અને દુઃખ ઓછું કરતો ગયો અને શ્યામલીએ પિતાના ઘરમાં છઠ્ઠા સંતાનનું સ્થાન લીધું. આજે પણ તે સૌની ખૂબ વહાલસોયી બહેન બની ચૂકી છે. કોઈને શંકા પણ આવતી નહીં કે આ ઓરમાન ભાઈ-બહેન કે ઓરમાન માતા-પિતા છે.

આમ પિતા સાથે સમાધાન થયું. એ સમય દરમિયાન શ્યામલીએ ત્રીજા સંતાનને જન્મ આપ્યો. દાદા હોંશે હોંશે હોસ્પિટલે જઈને ત્રીજા સંતાન પર વહાલ વરસાવતા રહ્યા. એમ બન્ને પરિવારમાં જીવન લીલીછમ વાડી જેવું બની ગયું.

એક દિવસ સાંજે શ્યામલી અને તેના પતિ

કોઈની ખબર કાઢવા હોસ્પિટલ જઈ રહ્યા હતા. પિતાની સાથેના સમાધાન પછીના સુખના દિવસો વાગોળતાં વાગોળતાં તેઓ હોસ્પિટલ પહોંચી ગયા. માંદા સગાની સાથે થોડીકવાર બેઠા, પછી, ''ચાલો છોકરાઓ રાહ જોતા હશે,'' એમ કહી પાછા ફર્યા. વળી એ જ નવા જીવનની પળોને માણતાં માણતાં ઘર તરફ આવી રહ્યા હતા. પૂરબહારમાં દોડી આવતા એક સ્કૂટરની અડફેટમાં શ્યામલીનો પતિ આવ્યો. માથાનો નીચેનો ભાગ કચડાયો હતો. હવે મૂર્છા પામી ગયા. મોટા દીકારને બોલાવ્યો અને દવેને (શ્યામલીના પતિને) લઈને માતા અને પુત્ર સારવાર કરાવવા હોસ્પિટલ પહોંચી ગયા. મનની ડામાડોળ સ્થિતિમાંથી શ્યામલી અને પુત્ર પસાર થઈ રહ્યા હતા. શ્યામલીએ કહ્યું, ''બેટા જયંત, દાદાને ખબર આપો, તારા પપ્પા હોસ્પિટલમાં છે.'' ''મમ્મી મેં હમણાં જ ફોન કર્યો છે.'' ઢીલા અવાજે જયંતે જવાબ આપ્યો. ''ના, તારા પપ્પા બહુ સિરિયસ છે. હમણાં જ ફરીથી ફોન કર.'' જોતજોતામાં પપ્પા દવે પાસે પહોંચી ગયા. પિતાને લાગ્યું કે જમાઈ ખૂબ ગંભીર છે. તેઓ એના ખાટલા પાસેથી આઘા ખસતા જ ન હતા. વહેલી સવારે ડૉક્ટરોએ જાહેર કર્યું કે તેઓ (શ્યામલીના પતિ - દવે) મૃત્યુ પામ્યા છે.

ડૉક્ટરની વાત સાંભળતાં જ પિતાએ પહેલાં જ શ્યામલીને સંભાળી લીધી. હાથના ટેકે ટેકે જમાઈના મૃતદેહને લઈને ઘેર પહોંચ્યા. પિતા મનમાં બોલતા હતા કે મારી આવી પ્રેમાળ દીકરીના નસીબમાંથી સુખે શું વિદાય લીધી? જરૂરી બધી ક્રિયાઓ કરીને પિતા સ્મશાનેથી ઘરે આવ્યા. આજે તો મમ્મી પણ શ્યામલી પાસે આવીને બેઠી હતી. ભાઈ, ભાભી, બહેનો સૌ પોતાની આ બહેનને સાંત્વન આપી રહ્યાં હતાં.

આ દુઃખદ પરિસ્થિતિમાં પરિવારના બધા સભ્યો શ્યામલીની પડખે ઊભા રહ્યા. પતિના ગયાનો ઘા રૂઝાવવામાં પરિવારના સૌ સભ્યોનો ફાળો ઘણો મોટો હતો. પંદર દિવસે સૌ છૂટા પડ્યા. ''શ્યામલી તું એકલી નથી હોં,'' પિતાએ વહાલથી શ્યામલીને કહ્યું, ''આવતીકાલથી તારે કામે જવાનું છે. દરેક જગ્યાએ કામે જજે અને સ્વસ્થતાથી વર્તજે. હું ત્રણેય છોકરાઓ પાસે સવારથી સાંજ સુધી રહીશ.'' પિતાના વિચારોને શ્યામલીએ ટેકો આપ્યો અને સંપૂર્ણ સમજપૂર્વક તેણે પોતાની નોકરી શરૂ કરી. પતિના ગયા પછી શ્યામલીએ જોયું કે તેને હિંમત આપવામાં પિતા જરાય પાછા પડ્યા નથી. એટલું જ નહીં પણ સ્વસ્થ મનથી નોકરી કરવાની હિંમત પણ પિતાએ જ આપી હતી. નોકરી કરવા જતી ત્યારે સ્વસ્થતાથી તે સૌને કહેતી કે આ મારા પિતા માત્ર પિતા નથી મિત્ર પણ છે. અને દુઃખને જીવનમાં કેવી રીતે પચાવવું એ મને એમણે શીખવ્યું છે. પિતા મળ્યા એટલે મારા જીવનના આ કપરામાં કપરા બનાવને સહન કરીને ત્રણેય બાળકોને ઉછેરવામાં મને શક્તિમાન બનાવી. અત્યારે મારામાં જે કોઈ શક્તિ છે એ મારા પિતાની દેન છે. કોઈ કોઈ વાર મને લાગે છે કે મારા પિતા એક સંત પુરુષ છે. સંસારમાં રહીને પણ સંત જીવે એવી એમની જીવનદૃષ્ટિને હું રોજ અનુભવું છું. આજે પણ મારાં બાળકોને એમના દાદામાં સંપૂર્ણ વિશ્વાસ છે.

''શ્યામલી, તારા ત્રણેય છોકરાઓ પરણાવવા જેવડા થઈ ગયા છે,'' એક દિવસ પપ્પાએ કહ્યું, શ્યામલીને ખ્યાલ આવી ગયો કે પપ્પા આ ત્રણેયને પરણાવવા માંગતા હોય

એમ લાગે છે. શ્યામલી હસી કહે, ''પપ્પા, વારાફરતી પરણાવું તો પણ કેટલા બધા પૈસા થાય? આટલા બધા પૈસા ક્યાંથી કાઢવા?'' આ વાતને ત્રણ-ચાર દિવસ માંડ થયા હશે. એ ઘરે પહોંચી. થોડીવારમાં જ દૂરથી તેણે પપ્પાને પોતાના ઘેર આવતા જોયા. પપ્પા સાથે તેમના એક મિત્ર અને એની દીકરી બન્ને હતા. ''જો, બેટા શ્યામલી, આપણા જયંત માટે મેં આ છોકરી પસંદ કરી છે, પછી તું જેમ કહે તેમ.'' આમ વાતની શરૂઆત થઈ ત્યાં તો પપ્પાએ કંકોતરી છપાવી દીધી. લગ્ન લઈ લીધાં. ''જયંતના લગ્નનો ખર્ચો ૨૦,૦૦૦-૦૦ થયો છે,'' એમ પપ્પાએ કહ્યું. ''પપ્પા, હું તમને આ પૈસા ક્યારે આપી શકીશ,'' શ્યામલી બોલી. ''તારે જ્યારે આપવા હોય ત્યારે આપજે. હું નહીં માંગું.'' આમ, થોડા થોડા સમયને અંતરે પિતાએ ત્રણેયને માટે યોગ્ય સાથીદાર શોધી પરણાવી દીધા. દાદાએ પસંદ કરેલા સાથીદારો શ્યામલી અને ત્રણેય છોકરાઓને માન્ય હતા. શ્યામલીએ છોકરાઓને કહી દીધું કે તમે પગભર થઈને તમારું જીવન ચલાવો. દાદાને હું ગમે તે રીતે પૈસા ભરી દઈશ. આ દેવામાંથી મુક્ત થઈશ. શ્યામલી મનમાં વિચારતી હતી કે મારા પતિ ન હોવાને લીધે ત્રણેય છોકરાઓને પરણાવવા અને તેમને સુખી કરવાની જવાબદારી મારી છે અને તે હું પાર પાડીશ. શ્યામલીએ મનમાં ને મનમાં આવો દૃઢ નિશ્ચય કર્યો હતો. તેણે એક-બે ઘરનું કામ વધારે કરવાનું શરૂ કર્યું અને આવક વધે એમ પિતાએ વાપરેલા પૈસા પાછા આપવા લાગી.

પતિનું જવું, બાળકોનો ઘર-સંસાર શરૂ કરાવવો, આ બધામાં પપ્પાની હિંમત અને વ્યવહારકુશળતા જો મને ન મળી હોત તો હું જીવન કેવી રીતે પસાર કરતે, શ્યામલી વિચારતી. સાંજે ઘેર જઈને શંકર ભગવાનની સેવા કરતાં કરતાં ભગવાનનો આભાર માનતી કે મને આવા પિતા મળ્યા એટલા માટે હે ભગવાન હું તમારી જન્મોજન્મની ઋણી છું. જ્યારે જ્યારે જન્મું ત્યારે ત્યારે મને આ જ પિતા મળે એવા આશીર્વાદ આપો.

●●●

મારી સાથે પોતાના જીવન વિશેની વાતો કરતાં કરતાં આ સત્ય ઘટનાની વાત આખરે અનોખા પિતાના મિલન પછી ઘણા દિવસે પૂરી થઈ.

---

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ થી ચાલુ)

આ પ્રસંગે પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, શ્રી હેમરાજભાઈ શાહ, શ્રી રતિલાલ બોરીસાગર, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી હર્ષદ ત્રિવેદી, કવિશ્રી વિનોદ જોષી તથા ગુર્જર પરિવારના શ્રી મનુભાઈ શાહની ઉપસ્થિતિમાં આ સન્માન કરાયું હતું. આ પ્રસંગે ઘણી મોટી સંખ્યામાં સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ હાજર રહ્યા હતા.

શ્રી વર્ષાબેન અડાલજાને ''ઘરશાળા માસિક'' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.

**ટૂંકાવીને...**

- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને રાષ્ટ્રીય સ્તરે NIRF દ્વારા તૃતીય ક્રમ જાહેર થયો.
- ડૉ. ભાગ્યેશ જહાની ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષપદે પુનઃવરણી થઈ.
- પીજી મેડિકલમાં હવે રિસર્ચની વાયવા રાજ્ય બહારના પરીક્ષકો દ્વારા લેવાશે.

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ધોરણ-૯ અને ૧૧ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર હવે ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સરકારની મંજૂરી બાદ ધોરણ-૯ અને ૧૧ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં હવે ધોરણ-૧૦ અને ૧૨ની જેમ ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો રહેશે. જ્યારે ૭૦ ટકા વર્ણનાત્મક પ્રશ્નો રહેશે. ઉપરાંત તમામ પ્રશ્નોમાં આંતરિકને બદલે જનરલ વિકલ્પ આપવામાં આવશે. ધોરણ-૯ અને ૧૧માં પણ અનેક વિદ્યાર્થીઓ નાપાસ થતા હોય છે. ત્યારે આ નવી પરીક્ષા પદ્ધતિથી વિદ્યાર્થીઓને ફાયદો થશે અને ધોરણ-૧૦ અને ૧૧માં વધુ વિદ્યાર્થીઓ આવશે. આ નવી પદ્ધતિ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી લાગુ પડશે. આ નવી પરીક્ષા પદ્ધતિને લીધે ધોરણ-૯ના સાત લાખથી વધુ અને ધોરણ-૧૧ના પાંચ લાખથી વધુ વિદ્યાર્થીઓને ફાયદો થશે.

**PG-NEET પીજી-નીટ પરીક્ષામાં ગુજરાતના ૫૯૪૭ વિદ્યાર્થીઓ ક્વોલિફાય, ૭ વિદ્યાર્થી ટોપ ૧૦૦માં :**

પીજી મેડિકલ ડિગ્રી-ડિપ્લોમામાં પ્રવેશ માટેની નીટ (નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ)નું પરિણામ જાહેર થયું છે. જેમાં ગુજરાતના ૫૯૪૭ વિદ્યાર્થીઓ ક્વોલિફાય થયા છે. જ્યારે ગુજરાતમાંથી સાત વિદ્યાર્થીએ દેશના ટોપ-૧૦૦ ઓલ ઈન્ડિયા રેન્કમાં સ્થાન મેળવ્યું છે. આ વર્ષે ગુજરાતમાંથી અગિયાર હજારથી વધુ વિદ્યાર્થીઓ પીજી નીટ માટે નોંધાયા હતા. જેમાંથી ૯૦૯૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે સાત વિદ્યાર્થીઓ દેશના ટોપ ૧૦૦માં આવ્યા છે. તેમની વિગત નીચે મુજબ છે:

| ક્રમ | વિદ્યાર્થી | રેન્ક | કૉલેજ |
|---|---|---|---|
| ૦૧ | નૈસર્ગી રાવલ | ૦૪ | વડોદરા મેડિકલ કૉલેજ |
| ૦૨ | બ્રિજેશ સુહાની | ૧૩ | જીએમઈઆરએસ, હિંમતનગર |
| ૦૩ | સિદ્ધાર્થ વાઘેલા | ૧૫ | જીએમઈઆરએસ, સોલા |
| ૦૪ | જીલ મિસ્ત્રી | ૧૮ | બી.જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ |
| ૦૫ | હિત મનવાર | ૪૦ | બી.જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ |
| ૦૬ | જુહી ભણસાલી | ૪૧ | બી.જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ |
| ૦૭ | નિયોર બરૂઆ | ૭૨ | વડોદરા મેડિકલ કૉલેજ |

**૫૦૦ ચોરસમીટરથી વધુ બાંધકામવાળી શાળાઓએ હવે ફાયર એનઓસી લેવું પડશે :**

રાજ્યમાં આવેલી ૫૦૦ ચોરસ મીટરથી વધુના બાંધકામ ધરાવતી શાળાઓએ ફાયર એનઓસી લેવી ફરજિયાત કરવામાં આવ્યું છે. આ માટે તેમને ૩૦ દિવસની મુદત અપાઈ હતી. આ દિવસ દરમિયાન શાળાઓએ કેવા પ્રકારનું ધ્યાન રાખવાનું રહેશે તે તમામ બાબતની ગાઈડલાઈન પણ જાહેર કરવામાં આવી છે.

અમદાવાદ જિલ્લામાં આવી શાળાઓ કેટલી છે તેની તપાસ ડીઈઓ-ડીપીઓ દ્વારા કરવામાં આવી હતી. જેમાં ૨૦૮ જેટલી શાળાઓ ધ્યાને આવી છે. આમાં ડીપીઓ હેઠળ ૭૫ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓ છે અને અમદાવાદ ગ્રામ્ય ડીઈઓ હેઠળ ૧૧૪ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ છે. જ્યારે અમદાવાદ શહેર ડીઈઓ હેઠળ ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની પ્રાથમિકથી માંડી ઉચ્ચત્તર માધ્યમિક સુધીની ૧૯ શાળાઓ છે.

**BBA-BCA, કોર્સ માટે પાંચ હજારથી વધુ કૉલેજોને આ વર્ષે મંજૂરી અપાઈ :**

બીબીએ-બીસીએ અને બીએમએસ કોર્સને ટેકનિકલ કોર્સ તરીકે ગણીને ટેકનિકલ કાઉન્સિલે પોતાના હસ્તક લઈ લીધા છે ત્યારે આ વર્ષથી બીબીએ-બીસીએ તથા બીએમએસ કૉલેજોને મંજૂરી આપવાનું કાઉન્સિલે શરૂ કર્યું છે. ગુજરાત સહિત દેશભરમાં નવી અને હયાત કૉલેજોને કાઉન્સિલ દ્વારા માન્યતા-મંજૂરી અપાઈ છે. જેમાં પાંચ હજારથી વધુ સંસ્થાઓને માન્યતા-મંજૂરી અપાઈ છે.

**''શબ્દ જ્યોતિ'' અંતર્ગત ડૉ. કુમારપાળ દેસાઈનું પોતાના જીવન-કવન વિષયક વક્તવ્ય :**

ગુજરાતના સન્માનનીય સાહિત્યકાર, સંશોધક, વિવેચક, કટાર લેખક, જૈન દર્શનના ચિંતક અને કુશળ વહીવટકર્તા પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના જન્મદિવસ નિમિત્તે તા. ૩૦-૮-૨૦૨૪ને શુક્રવારના રોજ ઓમ કોમ્યુનિકેશન દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદના રા.વિ. પાઠક સભાગૃહ ખાતે ''શબ્દજ્યોતિ'' શીર્ષક અંતર્ગત પોતાના જીવન કવન વિષયક વક્તવ્ય યોજાયું હતું.


આ પ્રસંગે કુમારપાળભાઈએ ખૂબ જ સુંદર અને માહિતીસભર પ્રેરક વાતો રજૂ કરી હતી. આ સુંદર અવસરે કુમારપાળ દેસાઈને વધાવવા માટે ગુજરાતના અનેક સાહિત્યશ્રેષ્ઠીઓ, પત્રકરો, વક્તાઓ અને શિક્ષણ તેમજ સાહિત્યપ્રેમીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**સુશ્રી વર્ષા અડાલજાને ''કવિ નર્મદ સાહિત્ય પ્રતિભા'' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.**

ગુજરાતી ભાષા-સાહિત્યના વરિષ્ઠ નવલકથાકાર, નાટ્યકાર અને વાર્તાકાર સુશ્રી વર્ષા અડાલજાને ૨૪-૮-૨૦૨૪ને શનિવારના રોજ ગુજરાત વિશ્વકોશ ભવન ખાતે ડૉ. હેમરાજ શાહ પ્રેરિત કવિ નર્મદ સાહિત્ય પ્રતિભા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

(અનુસંધાન પૃષ્ઠ ૪૦ ઉપર)

## સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં
## નેશનલ સ્પેસ ડે (૧ થી ૩ ફોટો ક્રમ) સમૂહભોજન અને રંગોત્સવ (૪ થી ૮ ફોટો ક્રમ)
## અને વૃક્ષારોપણનો કાર્યક્રમ (૯ થી ૧૦ ફોટો ક્રમ) જેવા કાર્યક્રમ ઉજવવામાં આવ્યા.





















ઘરશાળા
નવેમ્બર - ૨૦૨૪
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-



જન્મ : ૧૮ નવેમ્બર, ૧૯૧૮

"જ્યાં સેંકડો નહીં, હજારો માનવીઓ રોજેરોજ
રોગ જ રોગ નોતરી રહ્યા છે
તેઓની વચ્ચે પડીને તેમની સેવા કરતાં કરતાં
આપણે પણ રોગોના ભોગ બની જઈએ તો
સમજવું કે આપણને પ્રભુનાં દર્શન થયાં છે."

- મુ.શ્રી જશીબેન નાયક

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું